RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 38, Dt.25-04-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આખરે ચૂંટણી પંચ જાગ્યું, મોદી-રાહુલને પાઠવી નોટિસ

## સ્ટાર પ્રચારકોની જવાબદારી પક્ષની રહેશેઃ મોદી અને રાહુલના ભાષણમાં નફરત ફેલાવવાનો આરોપઃ ભાજપ અને કોંગ્રેસ પાસેથી જવાબ માંગતુ ચૂંટણીપંચઃ બંને પક્ષોને ૨૯ એપ્રિલના સવારે ૧૧ વાગ્યા સુધીમાં જવાબ દાખલ કરવા સુચના અપાઈ





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનાં નિવેદનો પર વાંધો ઉઠાવ્યા બાદ ચૂંટણીપંચે સંજ્ઞાન લીધું છે. આચારસંહિતા ભંગના આરોપમાં પંચે ભાજપ અને કોંગ્રેસને નોટિસ મોકલીને જવાબ માગ્યો છે.

ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ એકબીજાના વરિષ્ઠ નેતાઓ પર ધર્મ, જાતિ, સમુદાય અને ભાષાના આધારે નફરત અને ભાગલા પાડવાનો આરોપ લગાવ્યો છે. બંને પક્ષોને ૨૯ એપ્રિલના રોજ સવારે ૧૧ વાગ્યા સુધીમાં જવાબ દાખલ કરવા સૂચના આપવામાં આવી છે.

૧. ચૂંટણીપંચે બંને પક્ષોના પ્રમુખોને જનપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૭૭ હેઠળ જવાબ આપવા કહ્યું છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદી પર આરોપ લગાવ્યો હતો અને બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ રાહુલ ગાંધી પર આચારસંહિતા ભંગનો આરોપ લગાવ્યો હતો.

૨. પંચનું કહેવું છે કે રાજકીય પક્ષોએ તેમના ઉમેદવારો, ખાસ કરીને સ્ટાર પ્રચારકોના વર્તનની સંપૂર્ણ જવાબદારી લેવી પડશે. ઉચ્ચ હોદ્દા પર બેઠેલા નેતાઓનાં ભાષણો વધુ ગંભીર પરિણામો લાવી શકે છે.

ભાજપની ફરિયાદઃ પાર્ટીએ સોમવારે ચૂંટણીપંચને કહ્યું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દેશમાં ગરીબી વધવાના ખોટા દાવા કરી રહ્યા છે. ભાષાના આધારે દેશને ઉત્તર-દક્ષિણમાં વહેંચવામાં આવી રહ્યો છે. તેમની સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

કોંગ્રેસની ફરિયાદઃ પાર્ટીએ પસંપત્તિની વહેંચણીથ પર પીએમ મોદીના નિવેદન પર કાર્યવાહી કરવા માટે સોમવારે પંચને ફરિયાદ કરી હતી. કોંગ્રેસે આ નિવેદનને વિભાજનકારી, ખરાબ ઈચ્છાથી ભરેલું અને ચોક્કસ સમુદાયને નિશાન બનાવનાર ગણાવ્યું હતું.

ચૂંટણીપંચ તરફથી કોંગ્રેસને મોકલવામાં આવેલી નોટિસ પર જયરામ રમેશે કહ્યું કે અમે પંચને ફરિયાદ કરી હતી. જે રીતે ભાજપ ધર્મનો ઉપયોગ કરી રહી છે, એમ કહીએ કે દુરુપયોગ કરી રહી છે. તે ખૂબ ચિંતાજનક છે. અમે આ નોટિસનો જવાબ આપીશું. બાંસવાડામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા નિવેદનની ચૂંટણીપંચે તપાસ શરૂ કરી છે. પીએમ મોદીએ રાજસ્થાનના બાંસવાડામાં કહ્યું હતું કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો તે લોકોની સંપત્તિ મુસ્લિમોમાં વહેંચી દેશે. પીએમએ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની ટિપ્પણીનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે દેશનાં સંસાધનો પર લઘુમતીઓનો પ્રથમ અધિકાર છે.

# આગામી તા.૧ અને ૨ના વડાપ્રધાન મોદીનો ગુજરાતમાં ઝંઝાવતી પ્રવાસ

## છ રેલીઓને સંબોધશેઃ સુરેન્દ્રનગર, જૂનાગઢ અને જામનગરમાં સભાનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં લોકસભા ચૂંટણીનો પ્રચારનો રંગ હવે જામવા લાગ્યો છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાતનો પ્રવાસ નિશ્ચિત થઇ ગયો છે જેમાં તેઓ તા.૧ અને ૨ મેના રોજ ગુજરાતમાં ૬ જેટલી સભાઓને સંબોધશે અને તા.૧ મેના રોજ ગાંધીનગર જ રાત્રી રોકાણ કરીને ગુજરાત ભાજપના નેતાઓ પાસેથી રાજ્યની પરિસ્થિતિ અંગે તાગ મેળવશે.

વડાપ્રધાનના હાલ નિશ્ચિત થયેલા કાર્યક્રમો મુજબ તા.૧ના બપોરે ૩-૩૦ વાગ્યે ડીસામાં સભાને સંબોધવાના છે અને તે રીતે તેઓ બનાસકાંઠા અને પાટણ બંને લોકસભા બેઠકને આવરી લે તે રીતે



પ્રચાર કરશે. આ માટે ડીસામાં તૈયારીઓ શરુ થઇ ગઇ છે અને એરોડ્રામ ગ્રાઉન્ડ ખાતે મોદીની સભા યોજાશે આ બેઠક પર ભાજપના ઉમેદવાર ડો. રેખાબેન ચૌધરીનો મુકાબલો કોંગ્રેસના ગેનીબેન ઠાકોર સામે છે.

મોદી બાદમાં સાંજે ૫-૧૫ કલાકે હિંમતનગરમાં મોદી ગ્રાઉન્ડ ખાતે સભાને સંબોધવાના છે અને અહીં તેઓ એકી સાથે સાબરકાંઠા ઉપરાંત પાટણ, મહેસાણા અને અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક સુધી મેસેજ જાય તે નિશ્ચિત કરશે. જેમાં ખાસ કરીને સાબરકાંઠાની બેઠકમાં ભાજપે જે રીતે કોંગ્રેસ કુળના શોભનાબેન બારૈયાને ટીકીટ આપી હતી અને આ બેઠક પર તે અગાઉ ઉમેદવાર બદલવા પડ્યા હતા તે પછી હજુ પણ સ્થાનિક રીતે ભાજપના ઠાકોર સમુદાય સહિતના કાર્યાકર્તાઓનો વિરોધ છે અને તેથી વડાપ્રધાનની સભા અહીં ગોઠવાય છે.

આ ઉપરાંત બાદમાં તેઓ તા.૨ના રોજ ૧૧ વાગ્યે આણંદ ખાતે શાસ્ત્રી ગ્રાઉન્ડમાં સભાને સંબોધશે. આ બેઠકની સાથે વડાપ્રધાનની આ સભામાં ખેડાને પણ આવરી લેવાશે અને આ બંને બેઠકો ભાજપ માટે સ્કીયોર ગણાય છે. શ્રી મોદી બપોરે ૧ વાગ્યે સુરેન્દ્રનગર લોકસભા બેઠક માટે વઢવાણમાં ત્રિમંદિર ગ્રાઉન્ડ સુરેન્દ્રનગર રાજકોટ રોડ પર સભાને સંબોધશે અને અહીંથી સુરેન્દ્રનગર ઉપરાંત રાજકોટ અને ભાવનગર બંને લોકસભા બેઠકને આવરી લેવા તે રીતે મેસેજ આપશે.

સુરેન્દ્રનગર બેઠક પર ભાજપે ચંદુભાઇ શિહોરાને પસંદ કર્યા પછી સ્થાનિક સ્તરે થોડોક વિરોધ હતો પણ તે શમી ગયો હોય તેમ માનવામાં આવે છે. આ ઉપરાંત રાજકોટ લોકસભા બેઠક જે હોટ ટોપીક બની છે. એક તબકકે વડાપ્રધાનની સભા રાજકોટમાં યોજાશે તેવી ગણતરી હતી પરંતુ તેના બદલે મોદીએ સુરેન્દ્રનગર અને જૂનાગઢ ઉપરાંત જામનગરમાં પણ સભાનું આયોજન કરીને ત્રણ તરફથી રાજકોટ જિલ્લાને આવરી લેવાની કૌશિષ કરી છે.

ભાવનગર જિલ્લામાં પણ આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે. અને તેના પર મોદી પ્રભાવ પાડશે. બાદમાં વડાપ્રધાન સાંજે ૩-૧૫ કલાકે જૂનાગઢમાં સભાને સંબોધશે આ માટે કૃષિ યુનિ. મેદાન પસંદ કરવામાં આવ્યું છે અને જુનાગઢ જાહેરસભાથી મોદી પોરબંદર-અમરેલી, જામનગર બેઠકને આવરી લેશે. જયારે વડાપ્રધાનની સૌરાષ્ટ્ર પ્રવાસની છેલ્લી સભા જામનગરમાં પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે યોજાશે અને તે ઉપરાંત પોરબંદર અને રાજકોટ લોકસભા બેઠકને મેસેજ જાય તેવું નિશ્ચિત કરશે.

# દિલ્હીના મુખ્યમંત્રીને શરાબકાંડના મુખ્ય સુત્રધાર ગણાવતી કેન્દ્રીય એજન્સી

## કેજરીવાલની ધરપકડ માટે પુરતા પુરાવાઃ મની લોન્ડ્રીંગ એકટમાં કેજરીવાલની ધરપકડ માટે કોઈ અલગ માર્ગ રેખા નથીઃ ઈડી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીના શરાબ કાંડમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડને યોગ્ય ગણાવતા એન્ફોર્સમેન્ટ વિભાગે સર્વોચ્ચ અદાલતમાં દલીલ કરી હતી કે મુખ્યમંત્રીની ધરપકડ માટે કોઇ અલગ નિયમો કે પ્રક્રિયા નથી. કેજરીવાલને દિલ્હીના શરાબ કાંડમાં મુખ્ય સુત્રધાર ગણાવતા ઇડીએ જણાવ્યું હતું કે, પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એક્ટ ૨૦૦૨માં ધરપકડ મુદ્દે વિસ્તૃત માર્ગરેખા આપવામાં આવી છે.

પરંતુ તેમાં મુખ્યમંત્રી કે સત્તા પર બેઠેલા વ્યકિત માટે અલગ માપદંડ હોય તેવું જણાવાયું નથી અને તેની સામાન્ય નાગરિકની જેમ ધરપકડ કરી શકાય છે. દિલ્હી હાઇકોર્ટે કેજરીવાલની ધરપકડને યોગ્ય ગણાવીને તેને પડકારતી રીટ અરજી ફગાવી દીધા બાદ કેજરીવાલે તેને સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી છે અને તેમાં સમગ્ર શરાબ કાંડમાં કોઇપણ પ્રકારની નાણાંકીય



કે અન્ય રીકવરી થઇ ન હોવાનું કે કોઇ મિલ્કતો મળી ન હોવાનું જણાવીને સમગ્ર કેસ કાગળ પર જ ઉભો કરાયો છે.

ખાસ કરીને જેઓ પહેલા આ કેસમાં આરોપી હતા તેઓ હવે સાક્ષી બની ગયા છે. આમ ફકત કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના નેતાઓને રાજકીય રીતે ખત્મ કરવા જ આ સમગ્ર કેસ ઉભો કરાયો છે.

ખાસ કરીને જેઓ પહેલા આ કેસમાં આરોપી હતા તેઓ હવે સાક્ષી બની ગયા છે. આમ ફકત કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના નેતાઓને રાજકીય રીતે ખત્મ કરવા જ આ સમગ્ર કેસ ઉભો કરાયો છે.

ઇડીએ જો કે કેજરીવાલ સામે પુરતા પુરાવા હોવાનો દાવો કર્યો હતો. એટલું જ નહીં જણાવ્યું કે, કોઇપણ વ્યકિતની ધરપકડ પુરાવા આધારિત હોય છે અને તેની પૂછપરછ કે વધુ મજબૂત બનાવવાની એજન્સીની કામગીરી છે તેથી આ ધરપકડને મનઘડત કે ગેરકાનૂની ગણાવી તે યોગ્ય નથી. હવે સર્વોચ્ચ અદાલત તેના પર ૨૯ એપ્રિલે વધુ સુનાવણી કરશે.

# મુસાફરોને રાહતઃ હવે રેલ્વેમાં વેઈટીંગ ટિકીટ કેન્સલેશન બાદ પણ નાણાં મળશે

**મુખ્ય સમાચાર, ગિરિડીહ**

વેઈટિંગ ટિકિટ કેન્સલેશન ચાર્જમાં રેલવે મુસાફરોને મોટી રાહત મળી છે. IRCTCવેબસાઈટ દ્વારા બુક કરાયેલ વેઈટીંગ અને RACટિકિટના કિસ્સામાં, સુવિધા ફીના નામે મોટી રકમની કોઈ કપાત કરવામાં આવશે નહીં. હવે આવી ટિકિટો પર રેલવે દ્વારા નક્કી કરાયેલા યાત્રી દીઠ માત્ર ૬૦ રૂપિયા જ લેવામાં આવશે.

ગિરિડીહના સામાજિક કાર્યકર્તા સુનિલ કુમાર ખંડેલવાલની ફરિયાદના આધારે રેલવેએ મુસાફરોને આ રાહત આપવાનો નિર્ણય કર્યો છે. તેનાથી સમગ્ર દેશના લોકોને રાહત મળશે. રેલવેએ મુસાફરોને આ રાહત




આપવાનો નિર્ણય કર્યો છે. તેનાથી સમગ્ર દેશના લોકોને રાહત મળશે.

ગત તા. ૧૨ એપ્રિલે રેલવે પ્રશાસનને ટિકિટ કેન્સલ કરાવવા માટે IRCTCદ્વારા વસૂલવામાં આવતી મનસ્વી ફી અંગે પત્ર મોકલ્યો હતો. જેમાં તેણે કહ્યું હતું કે, જો IRCTC વેબસાઈટ દ્વારા બુક કરવામાં આવેલી વેઈટિંગ ટિકિટ કન્ફર્મ ન થાય તો રેલવે પોતે જ તે ટિકિટો કેન્સલ કરી દે છે. તેમજ અમારા દ્વારા ચૂકવવામાં આવતી રકમનો મોટો ભાગ સર્વિસ ચાર્જ તરીકે કાપવામાં આવે છે.

# કાલે બીજા તબક્કાનું મતદાનઃ પ્રચાર પડઘમ શાંત

## હીટવેવની આગાહી વચ્ચે ઓછા મતદાને ચૂંટણીપંચની ચિંતા વધારીઃ ૮૯ બેઠકો પર યોજાશે ચૂંટણીઃ કેન્દ્રીય પ્રધાન રાજીવ ચંદ્રશેખર, તેજસ્વી સૂર્યા, હેમા માલિની, અરૂણ ગોવિલ, રાહુલ ગાંધી, શશી થરુર, એચ ડી કુમારસ્વામીનું ભાવિ ઈવીએમમાં કેદ થશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૦૨૪ની લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૮૯ બેઠકો પર ૨૬ એપ્રિલે મતદાન થવાનું હોવાથી આજે સાંજે આ બેઠકો પર પ્રચાર સમાપ્ત થઈ ગયો હતો.

સાત તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ ગયા શુક્રવારે ૨૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ૬૫.૫ ટકા મતદાન થયું હતું.

૨૬ એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણીમાં કેરળની તમામ ૨૦ બેઠકો, કર્ણાટકની ૨૮માંથી ૧૪ બેઠકો, રાજસ્થાનની ૧૩ બેઠકો,



મહારાષ્ટ્રની ૮ બેઠકો, ઉત્તર પ્રદેશની ૮ બેઠકો, મધ્ય પ્રદેશની ૭ બેઠકો, આસામની ૫ બેઠકો, બિહારની ૫ બેઠકો, છત્તીસગઢની ૩ બેઠકો, પશ્ચિમ બંગાળની ૩ બેઠકો, મણિપુરની એક, ત્રિપુરાની એક તથા જમ્મુ-કાશ્મીરની એક બેઠકનો સમાવેશ થાય છે.

૨૬ એપ્રિલે યોજાનારી ચૂંટણીમાં જે અગ્રણી નેતાઓનું ભાવિ નક્કી થવાનું છે તેમાં કેન્દ્રીય પ્રધાન રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતપુરમ), ભાજપના તેજસ્વી સૂર્યા (કર્ણાટક), હેમા માલિની (ઉત્તર પ્રદેશ), અરૂણ ગોવિલ (ઉત્તર પ્રદેશ), રાહુલ ગાંધી (વાયનાડ), શશી થરુર (તિરુવનંતપુરમ), કર્ણાટકના નાયબ મુખ્યપ્રધાન ડી કે શિવકુમારના ભાઈ ડી કે સુરેશ (કોંગ્રેસ) અને કર્ણાટકના પૂર્વ મુખ્યપ્રધાન એચ ડી કુમારસ્વામી (જેડીએસ)નો સમાવેશ થાય છે.

શુક્રવારની ચૂંટણી પછી કેરળ, રાજસ્થાન અને ત્રિપુરાની તમામ બેઠકોનું મતદાન પૂર્ણ થઈ જશે.

આ અગાઉ ૧૯ એપ્રિલે યોજાયેલી પ્રથમ તબક્કાની ચૂંટણી પછી તમિલનાડુ (૩૯ બેઠકો), ઉત્તરાખંડ (૫ બેઠકો), અરૂણાચલ પ્રદેશ (૨ બેઠકો), મેઘાલય (૨ બેઠકો), આંદામાન અને નિકોબાર (૧ બેઠક), મિઝોરમ (૧ બેઠક), નાગાલેન્ડ (૧ બેઠક), પુડુચેરી (૧ બેઠક), સિક્કિમ (૧ બેઠક), લક્ષદ્વીપ (૧ બેઠક)ની તમામ બેઠકોનું મતદાન પૂર્ણ થઈ ગયું હતું.બીજા તબક્કામાં ૨૬ એપ્રિલે જે ૮૯ બેઠકો માટે મતદાન થવાનું છે તે પૈકી ૨૦૧૯માં એનડીએએ ૫૬ અને યુપીએએ ૨૪ બેઠકો જીતી હતી. ત્રીજા તબક્કા હેઠળ સાત મેના રોજ ૧૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૯૪ બેઠકો પર મતદાન યોજાશે.


# મહારાષ્ટ્રના યવતમાલમાં ચાલુ ભાષણે ઢળી પડ્યા નીતિન ગડકરી

## કાળઝાળ ગરમીમાં સભાને સંબોધતી વખતે અચાનક બેભાન થયા, X પર પોસ્ટ કરી જણાવી તબિયત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મહારાષ્ટ્રના યવતમાલમાં ભાષણ આપી રહેલા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અચાનક મંચ પડી ગયા. સ્ટેજ પર હાજર લોકોએ તેમને તરત જ ઉપાડ્યા અને સારવાર માટે લઈ ગયા. ગડકરી ચૂંટણી સભાને સંબોધવા માટે યવતમાલના પુસદ પહોંચ્યા હતા. જ્યારે તેઓ સ્ટેજ પર બોલી રહ્યા હતા ત્યારે અચાનક બેભાન થઈ ગયા. ત્યાર બાદ આસપાસના લોકોએ તેમની મદદ કરી અને તેમને તાત્કાલિક સારવાર માટે લઈ ગયા.

જોકે થોડા સમય પછી નીતિન ગડકરીએ X પર પોસ્ટ કર્યું કે તેઓ ગરમીને કારણે અસ્વસ્થતા અનુભવી રહ્યા હતા, પરંતુ હવે તેઓ સંપૂર્ણ સ્વસ્થ અનુભવી રહ્યા છે. નીતિન ગડકરી નાગપુર લોકસભા બેઠક




પરથી ભાજપના ઉમેદવાર છે. નાગપુર સીટ પર પહેલા તબક્કામાં મતદાન થયું છે. અહીં ગડકરીનો મુકાબલો કોંગ્રેસના વિકાસ ઠાકરે સાથે છે. નીતિન ગડકરી અહીંથી ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે.

આ પહેલીવાર નથી, જ્યારે ગડકરીની તબિયત અચાનક બગડી હોય. ૨૦૧૮માં પણ મહારાષ્ટ્રના અહમદનગરમાં એક કાર્યક્રમ દરમિયાન તેઓ સ્ટેજ પર અચાનક બેહોશ થઈ ગયા હતા. આ દરમિયાન મહારાષ્ટ્રના તત્કાલીન રાજ્યપાલ વિદ્યાસાગર રાવ તેમની સાથે હાજર હતા. રાજ્યપાલે પોતે તેમને સ્ટેજ પર સંભાળ્યા હતા.

ત્યારે કહેવામાં આવ્યું હતું કે ગડકરીને શુગર લેવલ ઓછું થવાને કારણે ચક્કર આવતા હતા. તેમને તાત્કાલિક પાણી અને પેંડા આપવામાં આવ્યાં હતાં. આ પહેલાં પણ એક રેલી દરમિયાન તેમની તબિયત ખરાબ હોવાના સમાચાર આવ્યા હતા. તમને જણાવી દઈએ કે નીતિન ગડકરીએ વજન ઘટાડવા માટે તેમનું ઓપરેશન કરાવ્યું છે.નાગપુર એક સમયે કોંગ્રેસનો ગઢ માનવામાં આવતું હતું. અહીંથી અત્યારસુધીમાં કોંગ્રેસે કુલ ૧૨ ચૂંટણી જીતી છે, પરંતુ ૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપે નીતિન ગડકરીને મેદાનમાં ઉતાર્યા અને તેમણે પ્રચંડ જીત મેળવી. એ બાદ તેઓ બે લાખથી વધુ મતોથી ચૂંટણી જીતી રહ્યા છે. નાગપુર વિધાનસભાની ૬માંથી ૪ બેઠક પર ભાજપનો કબજો છે.

# ભારતનું ઘરગથ્થુ દેવું જીડીપીના ૩૯.૧ ટકાની રેકોર્ડ ઊંચાઈએ પહોંચશે

## કોરોનાના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૧ના અંતમાં ઘરગથ્થુ દેવું ઝડપથી વધ્યું હતું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાણાકીય વર્ષ ૨૦૨૪ ના ત્રીજા ક્વાર્ટરમાં ભારતનું ઘરગથ્થુ દેવું ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ના ૩૯.૧% ના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી શકે છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૧ના ચોથા ત્રિમાસિકમાં ૩૮.૬% ની અગાઉની ટોચ કરતાં વધુ છે.

એક વિશ્લેષણ દર્શાવે છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૪ના ત્રીજા ત્રિમાસિકમાં દેવું વાષક ધોરણે ૧૬.૫ ટકા વધ્યું હોવાનો અંદાજ છે, જે મોટાભાગે બિન-હાઉસિંગ ડેટમાં ઝડપી વૃદ્ધિને કારણે છે.

વધતો જતો ઘરગથ્થુ લાભ એ કોર્પોરેટ ઋણમાં વધારો સાથે તદ્દન વિપરીત છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૪ના ત્રીજા ત્રિમાસિકમાં માત્ર ૬.૧% વધ્યો હોવાનો અંદાજ છે, જે જીડીપીના ૪૨.૭




ટકાના ૧૫-વર્ષના નીચા સ્તરે પહોંચ્યો છે. અર્થશાસ્ત્રીઓ નિર્દેશ કરે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૧ ના અંતમાં ઘરગથ્થુ દેવું ઝડપથી વધ્યું હતું કારણ કે ઘણા ઓછી આવક ધરાવતા પરિવારો કોરોનાથી પ્રભાવિત થયા હતા અને તેમને ઉધાર લેવાની ફરજ પડી હતી.

જો કે, તે ચિંતાનું કારણ છે કે ત્યારથી લીવરેજમાં ઘટાડો થયો નથી. કંપનીઓ પાસે રોકડનું સ્તર ઊંચું છે કારણ કે તેઓએ મજબૂત નફાની સંખ્યા નોંધાવી છે પરંતુ હજુ સુધી અર્થપૂર્ણ રોકાણ કરવાનું બાકી છે.

ઘણા નિષ્ણાતોએ સૂચવ્યું છે કે બિન-હાઉસિંગ દેવું છે જે ઝડપથી વધી રહ્યું છે. ઉદાહરણ તરીકે, ડિસેમ્બર, ૨૦૨૩ ક્વાર્ટરમાં, બિન-હાઉસિંગ દેવું ૧૮.૩ ટકા અને હાઉસિંગ લોન ૧૨.૨ ટકા વધી હતી. આ રીતે, બિન-હાઉસિંગ લોનનો હિસ્સો કુલ ઘરગથ્થુ દેવાના ૭૨% હતો.ડિસેમ્બર, ૨૦૨૩ ક્વાર્ટરમાં કોર્પોરેટ ડેટમાં અંદાજિત વધારો નાણાકીય વર્ષ ૨૦૨૪ ના બીજા ક્વાર્ટરમાં નોંધાયેલા ૫.૫ ટકા વધારા જેટલો લગભગ નબળો હતો અને નાણાકીય વર્ષ ૨૦૨૪ ના ત્રીજા ક્વાર્ટરમાં નોંધાયેલા ૧૦ ટકા કરતાં ધીમો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૪ ના ત્રીજા ક્વાર્ટરમાં બિન-સરકારી, બિન-નાણાકીય દેવાની વૃદ્ધિમાં ઘરગથ્થુ ક્ષેત્રનો હિસ્સો લગભગ ૭૦% હતો.

# દરેડ જી.આઈ.ડી.સી. માં બ્રાસની ભઠ્ઠીમાં બાળમજૂરી કરી રહેલા બાળકોને પોલીસે મુક્ત કરાવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના દરેડ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી મહાકાળી ફોર્જિંગ નામની બ્રાસની ભઠ્ઠીમાં સગીરવયના બાળકો કામ કરતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો, અને બાળમજૂરી કરી રહેલા બે બાળકોને મુક્ત કરાવ્યા છે, અને બાળ સંરક્ષણ ગ્રહમાં મોકલી આપ્યા છે. જ્યારે બ્રાસ ની ભઠ્ઠી ના સંચાલકની સામે ગુનો નોંધી તેની અટકાયત કરી લેવામાં આવી છે.



જામનગરના પોલીસ ના એ.એચ.ટી.યુ. વિભાગના પોલીસ ઇન્સ્પેકટર એન.ડી. સોલંકી અને તેમના સ્ટાફને ચોક્કસ માહિતી મળી હતી, કે જામનગર નજીક દરેડ વિસ્તારમાં આવેલી મહાકાળી ફોર્જિંગ નામની બ્રાસ ની ભઠ્ઠી માં નાના બાળકોને કામે રાખીને બાળમજૂરી કરાવી બાળકોનું શારીરિક તેમજ આર્થિક શોષણ કરવામાં આવે છે.જે માહિતીના આધારે એ. એચ. ટી.યુ. ની પોલીસ ટીમે દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન ૧૩વર્ષ તેમજ ૧૭ વર્ષથી નાની વયના બે સગીર બાળકો કામ કરી રહેલા મળી આવ્યા હતા. જેથી શ્રમ યુકત અધિકારી ડી.ડી. રામીએ બંને બાળકોનો કબ્જો સંભાળી લઈ બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી આપ્યા છે. ઉપરાંત બ્રાસ ની ભઠ્ઠી ના સંચાલક મિલન મનસુઃખભાઈ અમરોલીયા સામે ધી ચાઈલ્ડ લેબર (પ્રોહીબિશનન એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ ૧૯૮૬ ની કલમ ૧૪ (એ) ૧ મુજબ કાર્યવાહી કરી તેની અટકાયત કરી લેવામાં આવી છે.

આ કામગીરી પોલીસ ઇન્સ્પેકટર એન.ડી. સોલંકી અને શ્રમ યુક્ત અધિકારી ડી.ડી. રામી, તેમજ એ. એચ. યુ. ટી. ની ટિમ ના એએસઆઈ રણમલભાઈ ગઢવી, રાજદિપસિંહ ઝાલા, કિરણબેન મેરાણી વગેરેએ કરી હતી.

# જામનગરમાં દુષ્કર્મના કેસમાં આરોપીને ૨૦ વર્ષની સજા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સગીરા પર દુષ્કર્મ કેસમાં અદાલતે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આરોપીની પુત્રી પાસે લેશન કરવા જતાં દુષ્કૃત્ય આચર્યું હતું. ભોગ બનનાર સગીરાને વળતર પેટે રૂ.૯ લાખ ચૂકવવા કોર્ટે આદેશ કર્યો છે..

જામનગરમાં ગત તા.૧૧. ૧૨.૨૦૨૧ના સગીરા શાળાએ જતી હતી ત્યારે ભાયાભાઈ આંબલીયાએ આ સગીરાને પોતના મોટર સાયકલ પર બેસાડી તળાવની પાળે લઈ ગયો હતો. ત્યારબાદ ગેઈટ નં.૧ પાસે સગીરાને



બેસાડી છાતી તથા ગુપ્ત ભાગમાં હાથ ફેરવ્યા હતાં. આથી સગીરાને બીક લાગતા તેણી ઘેર ગઈ હતી.આથી પરિવારજનોએ પૂછતા તેણી રડવા લાગી હતી અને જણાવ્યું હતું કે, પાડોશમાં રહેતા ભાયાભાઈની પુત્રી પાસે લેશન કરવા ગઈ હતી ત્યારે તેણી હાજર ન હોય ભાયાભાઈ ઘેર એકલા હોય મને રૂમમાં લઈ જઈ બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. આટલું જ નહીં ભાયાભાઈએ અવારનવાર આ પ્રકારે સગીરા પર દુષ્કર્મ આચર્યા હતું પરંતુ ડરના કારણે આ વાત કોઇને કરી ન હતી. આ બનાવ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે ભાયા જગાભાઈ આંબલીયા સામે દુષ્કર્મ, પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી અદાલતમાં ચાર્જશીટ કર્યું હતું.

આ કેસ ખાસ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ ભારતીબેન વાદીની રજૂઆતો અને ભોગબનનાર, સાહેદો, તબીબની જુબાની તથા પુરાવા ધ્યાને લઈ ન્યાયાધીશ આરતીબેન વ્યાસે .આરોપી ભાયાભાઈને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે

# જામનગર શિક્ષિકાના આપઘાતના કેસમાં છેલ્લા ૧૧ માસથી નાસતા ફરતા આરોપીને એલ.સી.બી.ના હાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરનાના બહુચર્ચિત શિક્ષિકા આપઘાત કેસના ૧૧ માસથી નાસતા ફરતા આરોપીને એલ.સી.બી.એ ઝડપી લીધો.જામનગરના પંચવટી વિસ્તારમાં એક શિક્ષિકા ના આપઘાતના બહુ ચર્ચિત કેસમાં છેલ્લા ૧૧ માસથી નાસતા ફરતા આરોપીને એલ.સી.બી. ની ટીમે શોધી કાઢ્યો છે, અને સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.જામનગરના પંચવટી વિસ્તારમાં રહેતી એક શિક્ષિકાએ ૧૧ માસ પહેલાં આત્મહત્યા કરી લીધી હતી. જે બનાવ અંગે મૃતક ના ભાઈ ઇશાકભાઈ ઇબ્રાહમભાઈ હુંદડા એ જામનગરના ત્રણ



આરોપીઓ અફરોઝ ચમડિયા, રજાક સાઇચા અને અખ્તર ચમડીયા સામે ફરિયાદ નોંધાવી હતી, જેઓના ત્રાસ ના કારણે તેણીની બહેને આત્મહત્યા કરી લીધી હોવાની સુસાઇડ નોટ પણ પોલીસ સમક્ષ રજૂ કરી હતી.

જે ગુનામાં આરોપી અફરોઝ તૈયબભાઈ ચમડીયા નાસતો ફરતો રહ્યો હતો, જે આરોપી ધ્રોળ તાલુકાના લૈયારા નજીક એક દરગાહ પાસે ઉભેલો છે, તેવી બાતમીના આધારે એલસીબી ની ટુકડીએ ઝડપી લીધો છે, અને જામનગર લઈ આવ્યા પછી સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ ચકચારી કેશ લડનારા એડવોકેટ કે જેની તાજેતરમાં હત્યા નીપજાવાઈ હતી, તે શિક્ષિકા આપઘાત પ્રકરણના ફરારી આરોપીની એલસીબી ની ટીમ દ્વારા અટકાયત કરાઈ છે.

# નવયુગ કેરિયર ઍકેડેમી દ્વારા PSI/ કોન્સ્ટેબલ માટે ફ્રી માર્ગદર્શન સેમિનાર યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલ ખૂબ જ મોટી સંખ્યામાં પોલીસ વિભાગમાં ભરતી આવી છે ત્યારે PSI/ કોન્સ્ટેબલની પરીક્ષા માટે ફ્રી માર્ગદર્શન સેમિનારનું આયોજન નવયુગ કેરિયર ઍકેડેમી દ્વારા કરવામાં આવ્યું છે.

મોરબીનાં યુવાન/યુવતીઓને સારું માર્ગદર્શન મળે તેમજ પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી? શું વાંચવું? તેમજ કયા વિષયમાં કેટલું પુછાય? તેવા અનેક પ્રશ્નોના જવાબ આ સેમિનારમાં મળશે.

સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાત તેમજ મોટીવેશનલ વક્તાશ્રી પ્રતિકભાઇ કાછડિયા તેમજ જગતદાન ગઢવી સાહેબ આ સેમિનારમાં માર્ગદર્શન આપશે. વિશેષ ઉપસ્થિતિમાં ડીવાયએસપી સાહેબશ્રી સમીર સારડાસર પણ માર્ગદર્શન આપશે. મોરબીના તમામ વિદ્યાર્થી મિત્રોને આ સેમિનારનો લાભ લેવા આહવાન કરવામાં આવે છે.

આ સેમિનાર માં ભાગ લેવા માટે ૯૭૨૭૨ ૪૭૪૭૨ પર વોટસઅપ કરી પોતાનું નામ નોંધાવી શકો છો.

સેમિનાર તારીખ ૨૮/૦૪/૨૪, રવિવાર સમય સવારે ૯ થી ૧૧, સંસ્કાર ઇમેર્જિંગ સેન્ટર સેમિનાર હોલ, જીઆઇડીસી પાસે, શનાળા રોડ, મોરબી ખાતે શરૂ કરવામાં આવશે

# મોરબીની ૪૦ સિરામિક કંપનીએ અમેરીકાના એટલાન્ટા શહેર ખાતે યોજાયેલ Covering-2024 પ્રદર્શનમાં ભાગ લીધો







**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબીઃ** અમેરિકાના એટલાન્ટા શહેર ખાતે યોજાયેલ covering-2024 એક્ઝીબિશનમાં મોરબી સિરામીક ઇન્ડસ્ટ્રીઝની ૪૦ થી વધુ કંપનીએ ભાગ લીધો હતો.જેમા counsulate General of india Atlanta(USA) ના કોન્સ્યુલ જનરલ એલ રમેસબાબુ દ્વારા ભારતીય પેવેલીયનનુ ઉદઘાટન કરીને ખુલ્લુ મુકવામા આવ્યુ, જેમા મોરબી સીરામીક એસોસીએસનના પ્રમુખ મુકેશ કુંડારીયા જોડાયેલ હતા, હાલ મોરબી સીરામીક ટાઈલ્સ માટે અમેરીકા સૌથી મોટુ માર્કેટ છે વર્ષે ૨૦૨૩-૨૪ મા મોરબીથી ૧૫૦૦ કરોડનુ એકસપોર્ટ ફકત અમેરીકામા જ કરેલ છે, પરંતુ ૪-૫ દિવસ પહેલા જ અમેરીકા દારા ભારતથી એકસપોર્ટ થતી ટાઈલ્સ ઉપર એન્ટીડંમ્પીંગ લગાવવા પીટીશન ફાઈલ કરેલ હોવાથી આ એક્ઝીબીશનમા તેની માઠી અસર જોવા મળેલ તેમજ મોરબી સીરામીક ઈન્ડસ્ટ્રીઝને મોટો ઝટકો પડેલ છે, આ બાબતે કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડીયા એટલાન્ટાની કોન્ફરન્સમાં પણ પ્રમુખ મુકેશભાઈ કુંડારીયા દ્વારા એન્ટીડપીંગ ડ્યુટીના પ્રશ્નની વાત રજુ કરેલ હતી.

# જામનગર જિલ્લાના લોકોમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુસર સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ સાથે મતદાન જાગૃતિલક્ષી સંવાદ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બી.કે.પંડયાએ સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ સાથે મતદાન જાગૃતિલક્ષી સંવાદ સાધ્યો.સોશિયલ મીડિયાના માધ્યમો થકી મતદાન જાગૃતિલક્ષી સંદેશાઓ શેર કરી જામનગરવાસીઓને મતદાન કરવાની સાથે અન્ય લોકોને પણ મતદાન કરાવવા માટે જિલ્લા ચૂંટણી અધિકારીની અપીલ.જામનગર, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જામનગર જિલ્લાના લોકોમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બી. કે. પંડયાના માર્ગદર્શન હેઠળ સ્વીપ એક્ટિવિટી અંતર્ગત મતદાન જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. તેના ભાગરૂપે જામનગર લાખોટા તળાવ, પુરાતત્ત્વીય સંગ્રહાલય ખાતે સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર સાથે મતદાન જાગૃતિ લક્ષી કાર્યક્રમનું આયોજન જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં જામનગર જિલ્લાના સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર દ્વારા મતદાનનું મહત્વ, મતદાન કરવા જતી વખતે કયા આધાર પુરાવાઓ સાથે રાખવા, એક મતનું મહત્વ, પરિવાર સાથે મતદાન કરવા જવું, પ્રથમ વખત મતદાન કરનાર યુવાઓને મતદાનની અપીલ, વગેરે જેવા મુદ્દાઓ પર મેસેજ આપી જામનગરવાસીઓને મતદાનનું મહત્વ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બી. કે.પંડયાએ આગામી ૭મે ના રોજ સવારના ૭ વાગ્યાથી ૧૮ વર્ષ ઉપરના જામનગર જિલ્લાના મતદારોને મતદાન કરવા માટે અપીલ કરી હતી. તેમજ જણાવ્યું હતું કે દિવ્યાંગો, સગર્ભાઓ, સિનિયર સીટીઝન માટે મતદાન મથકો પર અલાયદી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. તેમજ જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુંએ પણ મતદાનનું મહત્વ સમજાવતો મેસેજ આપી લોકોને મતદાન કરવા માટે અપીલ કરી હતી.સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સરોએ જિલ્લા ચૂંટણી અધિકારી અને પદાધિકારીઓ તથા અધિકારીઓ સાથે મતદાન જાગૃતિ અંગે કઈ પ્રવૃતિઓ કરી શકાય તેમજ સોશિયલ મીડિયામાં મતદાન જાગૃતિલક્ષી રિલ્સ અને વિડીયો શેર કરવા અંગે પણ ચર્ચા કરી હતી. બાદમાં સોશિયલ મીડિયાના માધ્યમ થકી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાન જાગૃતિલક્ષી કાર્યક્રમમાં ભાગ લેવા બદલ મહાનુભાવોના હસ્તે તમામ સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સરને મોમેન્ટો અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ જેમાં નિકુંજ વસોયા, ઊર્મિલ ઝવેરી, પ્રિયંકા પટેલ, હેડ્રીક હેરી, લલીત જોશી, પરાગ વોરા, સતીશચંદ્ર વ્યાસ, માહી.આર.જે, નિકુંજ વાઘેલા, જહાન્વી પટેલ, શૈલી ગજ્જર, જગત રાવલ, સામતભાઈ બેલા, ભાવિનભાઈ રબારી સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ડી.એ.ઝાલા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઝીલ પટેલ, પ્રાંત અધિકારી પી.બી. પરમાર, જિલ્લા પુરવઠા અધિકારી બારડ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી વિમલ ગઢવી, આસિસ્ટન્ટ કમિશનર બી. એન. જાની, સ્વીપ નોડેલ અધિકરી બી. એન.વિડજા, પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયેશ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જામનગર જિલ્લાના નાગરિકો ભારતીય હવામાન વિભાગ દ્વારા નિર્મિત એપ્લિકેશનનો ઉપયોગ કરીને હવામાનને લગતી તમામ જાણકારી મેળવી શકશે

## હીટવેવ, વીજળી, વાવઝોડા, અતિવૃષ્ટિ વગેરે કુદરતી આપત્તિ વિષે જાણકારી ઉપલબ્ધ બનશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા મૌસમ એપ, દામિની એપ, મેઘદૂત એગ્રો એપ અને પબ્લિક ઓબઝર્વેશન એપ જેવા હવામાન ચેતવણી અંગેની એપ્લિકેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે. સમગ્ર જામનગર જિલ્લાના નાગરિકો આ પ્લેટફોર્મનો મહત્તમ પ્રમાણમાં ઉપયોગ કરે તે હેતુથી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે.મૌસમ એપ.ભારતીય હવામાન વિભાગ અને મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સીસ દ્વારા મોબાઈલ એપ્લિકેશન આધારિત સેવાઓ માટે અત્યાધુનિક ટેક્નોલોજીથી સુસજ્જ મૌસમ એપનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ મોબાઈલ એપ્લિકેશન્સ ગુગલ પ્લેસ્ટોર અને એપલ એપસ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાશે. યુઝર્સ વેધર ચેંજ, ફોરકાસ્ટ, રડાર દ્વારા અપલોડ કરાયેલી તસવીરો અને અગમચેતીના સંદેશા આ એપમાંથી મેળવી શકશે. મૌસમ એપ ડાઉનલોડ કરવા માટે.https:// play.google.com/store/ apps/details?id= com.imd .masuamhl= engl= US આ લિંક પરથી ક્લિક કરીને મેળવી શકાશે. આ મોબાઈલ એપમાં ૫ જેટલા ફિચર્સ સામેલ છે.કરન્ટ વેધર મૌસમ એપમાં ૨૦૦ જેટલા શહેરોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં વર્તમાન તાપમાન, ભેજનું પ્રમાણ, પવનની ગતિ અને દિશા, સુર્યોદય- સુર્યાસ્ત અને ચંદ્રોદય



અને ચંદ્રાસ્તને દિવસમાં ૮ વખત અપડેટ કરવામાં આવે છે.નાઉકાસ્ટ મૌસમ એપમાં ૮૦૦ જેટલા સ્ટેશનને આવરી લેવામાં આવ્યા છે. જેમાં રાજ્ય હવામાન વિભાગના માર્ગદર્શન હેઠળ સ્થાનિક હવામાનની જાણકારી દર ત્રણ કલાકે મળી રહે છે. સિટી ફોરકાસ્ટઃ- આ ફિચર્સ વડે સમગ્ર ભારતના ૪૫૦ જેટલા શહેરોના છેલ્લા ૨૪ કલાક અને ૭-દિવસ દરમિયાન હવામાનની આગાહી અને તેનો રેકોર્ડ તપાસી શકાય છે. વોર્નિંગ્સઃ- હાલમાં સમગ્ર દેશમાં હીટવેવનો ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. ત્યારે મૌસમ એપ દ્વારા આગામી ૫ દિવસ માટે તમામ જિલ્લાઓમાં દિવસમાં ૨ વખત ચેતવણીઓ જારી કરવામાં આવે છે. નાગરિકોને સચેત કરવા માટે રેડ, ઓરેંજ અને યેલ્લો એમ ૩ કલર કોડ દ્વારા મેસેજ પહોંચાડવામાં આવે છે. રેડ ઝોન એ સૌથી ગંભીર કેટેગરી છે. જેમાં અસરગ્રસ્ત લોકોએ તાત્કાલિક ધોરણે સારવાર મેળવવી જોઈએ. ઓરેન્જ ઝોન દરમિયાન નાગરિકોએ હીટવેવથી બચવા માટેની માર્ગદર્શિકાનું પાલન કરવાનું હોય છે. યેલ્લો ઝોન દરમિયાન નાગરિકોને હીટવેવથી બચવા માટેના મેસેજ પહોંચાડવામાં આવે છે.રડાર પ્રોડક્ટસ.મૌસમ એપમાં લેટેસ્ટ સ્ટેશન મુજબ દર ૧૦ મિનિટે રડાર ડેટા અપડેટ કરવામાં આવે છે.

મૌસમ મોબાઇલ એપ્લિકેશનમાં યુઝર ફ્રેન્ડલી ઈન્ટરફેસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મોબાઈલ એપનું નિર્માણ ICRISAT ની ડિજિટલ એગ્રીકલ્ચર એન્ડ યુથ (DAY) ટીમ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટિરોલોજી (ITM) પૂણે અને ભારતીય હવામાન વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.દામિની એપ. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટિરોલોજી, પુણે અને મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સીસ દ્વારા સમગ્ર દેશના વિવિધ ભાગોમાં લગભગ ૪૮ સેન્સર સાથે લાઈટનિંગ લોકેશન નેટવર્કનું નિર્માણ કર્યું છે. જે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટિરોલોજી, પુણે ખાતે સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ સાથે જોડાયેલા છે. આ નેટવર્ક વીજળી પડવાની સંભાવના વિશે ચોક્કસ માહિતી પ્રદાન કરે છે. તેમજ થંડરસ્ટ્રોમ મૂવમેન્ટ પાથ એટલે કે વાવાઝોડા વિષે સચોટ માહિતી આપે છે. આ એપ વીજળી.લાઈટનિંગ સ્ટ્રાઈકનું ચોક્કસ સ્થાન, ૪૦ ચોરસ કિલોમીટરના વિસ્તારની આસપાસ તોળાઈ રહેલી વીજળીના સંભવિત સ્થાનો અને વાવાઝોડાની હિલચાલ અને દિશાની માહિતી આપે છે. આ ઉપરાંત જયારે વાવાઝોડું આવે અને વીજળી પડે ત્યારે સાવચેતીના પગલાં અને અન્ય જરૂરી માહિતી પણ પુરી પાડે છે. દામિની એપ ડાઉનલોડ કરવા માટે https://play.google.com/ store/apps/details? id=com.ligh tening.live. daminihl=engl=US આ લિંક પરથી ક્લિક કરીને મેળવી શકાશે.મેઘદૂત એગ્રો એપ.મેઘદૂત મોબાઈ લ એપ્લિકેશન ખેડૂતોને હવામાનની માહિતીના આધારે પાકની સલાહ આપે છે. આ એપનું નિર્માણ ભારતીય હવામાન વિભાગ (ઈખઉ), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટિરોલોજી (ITM) પૂણે અને ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) દ્વારા કરવામાં આવ્યું છે.

આ એપ્લિકેશનમાં ખેડૂતો માટે એડવાઈઝરી અંગ્રેજી અને સ્થાનિક એમ બંને ભાષાઓમાં માહિતી ઉપલબ્ધ છે. મેઘદૂત એપ્લિકેશન ડાઉનલોડ કર્યા બાદ ખેડૂતે તેમનો મોબાઇલ નંબર અને તેમની પસંદગીની ભાષાનો ઓપશન સિલેક્ટ કરીને સાઈન ઈન કરવાનું રહેશે. આ એપ્લિકેશનમાં એગ્રો મેટ ફિલ્ડ યુનિટ્સ (અખત્રથ) દ્વારા દર મંગળવારે અને શુક્રવારે પાકની માહિતી, પશુધન વ્યવસ્થાપન અંગે પ્રતિ જિલ્લાવાર માહિતી આપવામાં આવે છે. તેમજ હવામાન માહિતી, પાકની વાવણી, જંતુનાશક દવાઓ અને ખાતરનો ઉપયોગ, ઈન્જેશન શેડ્યુલિંગ અને પ્રાણીઓ માટે રસીકરણ જેવી તમામ માહિતી ઉપલબ્ધ છે.આ ઉપરાંત મેઘદૂત એપ્લિકેશનમાં વરસાદ, તાપમાન, ભેજનું પ્રમાણ, પવનની ગતિ અને દિશાને લગતી પાંચ દિવસની માહિતી આપવામાં આવે છે. મેઘદૂત એપ https:/ /play.google.com/store/ apps/details?id= com.aas.meghdoothl= engl=US આ લિંક પરથી ક્લિક કરીને ડાઉનલોડ કરી શકાશે. મેઘદૂત એપ ગુગલ પ્લેસ્ટોર અને એપલ એપસ્ટોર પર ઉપલબ્ધ છે. પબ્લિક ઓબઝર્વેશન એપ. આ એપ્લિકેશન યુઝર્સને તેમના લોકેશન મુજબ હવામાનની માહિતી પૂરી પાડે છે. યૂઝર્સ આ એપ પર પોતાનો ફીડબેક પણ આપી શકે છે. આ એપ્લિકેશન ડ્યુઅલ મોડ ધરાવે છે. પબ્લિક ઓબઝર્વેશન એપ https://play. google.com/ store/apps/ details?id=com.mausam. crowd sourcehl= enINgl=US આ લિંક પરથી ક્લિક કરીને ડાઉનલોડ કરી શકાશે.

# રાજકોટ સંસદીય મત વિસ્તારમાં સોશિયલ ઈનફ્લુએન્સર્સ દ્વારા મતદારોને મતદાનની અપીલ

## મતદાન કરીને આપણા સૌની રાષ્ટ્રપ્રત્યે નૈતિક જવાબદારી નિભાવવાનો આ વખત છે- ધીરુભાઈ સરવૈયાઃ આપણા દેશને વિશ્વની મહાસત્તા બનાવવી હોય તો અચૂક મતદાન કરો- આર્ચી વૈષ્ણવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સંસદીય મત વિસ્તારમાં લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના નેતૃત્વમાં સ્વીપ નોડલ ઓફિસરશ્રી જીજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં સોશિયલ ઈનફ્લુએન્સર્સ દ્વારા મતદારોને મતદાન અંગે અપીલ કરવામાં આવી રહી છે.






''નમસ્કાર મિત્રો! લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અંતર્ગત ૧૦ - રાજકોટ લોકસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ ૭૧ - રાજકોટ ગ્રામ્ય મતદાર વિભાગના તમામ મતદારોને નમ્ર અપીલ કરું છું કે આપ સૌ આગામી તા. ૭/૫/૨૦૨૪ને મંગળવારના રોજ પોતપોતાના મતદાન મથક પર અચૂક જઈ અને મતદાન કરશો. કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષી અને તેમની સંપૂર્ણ ટીમને ચૂંટણીલક્ષી સુંદર વ્યવસ્થા કરવા માટે અભિનંદન પાઠવું છું. તથા મતદાન આપીને આપણા સૌની રાષ્ટ્ર પ્રત્યે નૈતિક જવાબદારી નિભાવવાનો આ વખત છે. તેમજ આપણા દરેકનો મત બહુમૂલ્ય અને કિંમતી હોય છે. તો તા. ૭/૫/૨૦૨૪ના આપ સર્વને મતદાન કરવા જવા અપીલ કરું છું. જય ભારત. જય હિન્દ.'' : હાસ્ય કલાકારશ્રી ધીરુભાઈ સરવૈયા

''નમસ્કાર! નાના મોઢે મોટી વાત કરવા આવી છું. આપ સૌને ખબર છે કે ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે. એક-એક મતની શું કિંમત છે, એ મારા કરતા આપ સૌ સારી રીતે જાણો છો. હું હાથ જોડી નમ્ર વિનંતી કરું છું કે જો આપણે આપણા દેશને વિશ્વની મહાસત્તા બનાવવી હોય તો અચૂક મતદાન કરો. જય હિન્દ, જય ગરવી ગુજરાત.'' : બાળ પ્રતિભાશ્રી આર્ચી સમીરભાઈ વૈષ્ણવ

# ૬૭-વાંકાનેર વિધાનસભા મતવિસ્તારમાં લોકતંત્રના મહાપર્વમાં જોડાવા મહંતોએ કર્યો અનુરોધ

## ગાયત્રી શકિતપીઠ તથા માટેલ ધામ દ્વારા કરાઈ મતદાનની અપીલ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તા.૦૭ મે ૨૦૨૪ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે મતદાન યોજાશે. ત્યારે હાલ સ્વીપ દ્વારા વિવિધ કાર્યક્રમો થકી યુવા થી લઈ વયોવૃદ્ધ મતદારો સુધીના સર્વેને મતદાન કરવા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. આ સઘન ઝુંબેશમાં વાંકાનેર વિધાનસભા મત વિસ્તારના મહંતો પણ જોડાયા છે.

૬૭-વાંકાનેર વિસ્તારમાં ગાયત્રી મંદિર, ગાયત્રી શકિતપીઠના મહંત શ્રી અશ્વિનબાપુ રાવલ તથા માટેલ ધામ દ્વારા મતદારોને મતદાન કરવા માટેની અપીલ કરવામાં આવી હતી. લોકતંત્રને મજબૂત કરવા નિર્ભયપણે મતદાનમા સહકાર આપવા મહંતશ્રીઓએ વાંકાનેરની જનતાને તા. ૭ મેના રોજ મતદાન દિવસે અચૂક બૂથ પર જવા અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૬૭-વાંકાનેર વિધાનસભા મતવિસ્તારમાં હાલ કુલ ૨ લાખ ૮૬ હજાર ૪૭૯ મતદારોમાં ૧ લાખ ૩૮ હજાર ૬૦૪ મહિલા અને ૧ લાખ ૪૭ હજાર ૮૭૩ પુરુષ મતદારો નોંધાયેલ છે ત્યારે નોંધાયેલ મતદારો મતદાન કરવા બૂથ પર પણ આવે તે માટે સ્વીપ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેમ અધિક કલેક્ટર તથા સ્વીપના નોડલ અધિકારી જીજ્ઞાસાબેન ગઢવીની યાદીમાં જણાવાયું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સાસુના ત્રાસથી કંટાળી મહિલા આપઘાત કરવા આજી ડેમ પહોંચી

## પોલીસની સી ટીમને જાણ થતા મહિલાનો જીવ બચાવી કાઉન્સેલીંગ કરી પરિવારને સોંપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજીડેમમાં આપઘાત કરવા જઈ રહેલી મહિલાને થી ટીમે તાત્કાલિક બચાવી તેમનું કાઉન્સિલિંગ કર્યા બાદ જાણવા મળ્યું હતું કે તેમના સાસુ હેરાન કરતા હોય જેથી આ પગલું ભરતી હોવાનું જણાવ્યું હતું. પીઆઈ આઈ.એન. સાવલિયાની સૂચનાથી પૂર્વ વિભાગ થી ટીમ ઈન્ચાર્જ મધુબેન સહકર્મચારીઓ અવનીબા, કાજલબેન, સુજાતાબેન પૂર્વ વિભાગ શી ટીમને કંટ્રોલ કોલ આવતા એક જાગૃત નાગરિક જણાવે છે કે, આજી ડેમ પાસે કોઈ મહિલા આત્મહત્યા કરવા જઈ રહેલ હોય જેથી ત્યાં જઈ રૂબરૂ મળી બચાવવા કાર્યવાહી કરવા જણાવાયું હતું. જેથી ટીમ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચીને બહેનને આત્મહત્યા કરવા જઈ રહ્યા હતા.જેનો અમારી ટીમ દ્વારા બચાવ કરવામાં આવ્યો હતો. તેમજ બહેનનું કાઉન્સિલિંગ કરવામાં આવેલ તો બહેનને પૂછતા તેઓ ખુબજ રડતા હતા.ત્યારબાદ તેણે જણાવ્યું હતું કે, ઘરમાં સાસુ ખૂબ જ હેરાન કરતા હોય જેથી બહેન દરરોજના ઘરકંકાશ થી કંટાળીને આત્મહત્યા કરવાનું વિચારી બહેનને અમે ખૂબ સમજાવી હતી.

# ઢેબર રોડ પર લક્ષ્મીનગર ઝુંપડપટ્ટીમાં પ્રૌઢ પર છરી વડે શખ્સનો હુમલો

## ગ્રીનલેન્ડ ચોકડી પાસે અહીં કેમ રમો છો કહી તરૂણને અજાણ્યા શખ્સે મારમાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઢેબર રોડ ફાટક પાસે - રહેતા લાલજીભાઈ તુલસીભાઈ સોલંકી - (ઉ.વ.૫૦) ગઇકાલે બપોરે લક્ષ્મીનગર ઝુંપડપટ્ટીમાં હતો. ત્યારે ભટુ અને - ઘોઘાએ છરી વડે હુમલો કરતા તેમને - સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં - ખસેડાયા હતાં. લાલજીભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપીની - પુત્રી પુજા મારા પુત્ર ભાવેશને કોલ - કરતી હોય જે મામલે લાલજીભાઈ - પુજાના પિતાને સમજાવવા ગયા કે મારે - પુત્ર પરિણીત છે. તમારી દીકરી તેમને - કોલ કરે છે. સમજાવી દેજો જેથી - મારામારી થઈ હતી. લાલજીને સંતાનમાં '' ત્રણ દીકરા અને પોતે બે ભાઈ એક બહેનમાં વચેટ છે. તેમજ લાલજીભાઈ મજુરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

બીજા બનાવમાં લાલપરી પાસે રહેતા અમન ફિરોજભાઈ વૈયાણી (ઉ.વ.૧૫) નામનો તરૂણ ગ્રીનલેન્ડ ચોકડી પાસે ગાર્ડનમાં મિત્રો સાથે હતો. ત્યારે અજાણ્યા શખ્સોએ અહીં કેમ રમો છો કહી મારમારતાં તેમને સારવારમાં ખસેડાયો હતો. તેમના પિતા ઈમીટેશનનું કામ કરે છે. પોતે ધો.૧૧માં અભ્યાસ કરે છે.

# શહેરના ટ્રાફિક પોલની અવદશા માટે જવાબદાર કોણ ?

## જાહેરમાં પબ્લિક પ્રોપર્ટીને નુકસાન કરનાર વાહન ચાલકો સામે કાર્યવાહી કેમ નહીં?




(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેરના રાજમાર્ગો પર ડાબી સાઈડ વણાક લેવા માટે ટ્રાફિક સિગ્નલ ના ચાર રસ્તા પર લગાવવામાં આવેલા ટ્રાફિક પોલ ને જાહેરમાં વાહન ચાલકો નુકસાન કરી પબ્લિક પ્રોપર્ટી ડેમેજ કરતા હોવા ના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે ચાર રસ્તા પર સ્ટોપ લાઈન ક્રોસ કરનાર વાહન ચાલક નો ફોટો સાથેનો મેમો ઘર સુધી પહોંચી જાય છે અને જાહેર રસ્તા પર પાનની પિચકારી મારનાર વાહન ચાલક સામે દંડની કાર્યવાહી ઈ ચલણ સ્વરૂપે તંત્ર વાહકો દ્વારા કરવામાં આવી રહી છે ત્યારે ચાર રસ્તા પર ટ્રાફિક પોલ ને નુકસાન કરી નાસી જતા વાહન ચાલકો સામે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી તે મોટો પ્રશ્ન ઉપસ્થિત થયો છે છાશવારે પબ્લિક પ્રોપર્ટી ને નુકસાન કરતા રાજકારણીઓ કે સામાન્ય પ્રજા સામે પોલીસ શિક્ષાત્મક કાર્યવાહી કરતી હોય છે ત્યારે જાહેરમાં જ ટ્રાફિક સિગ્નલ પર લગાવવામાં આવેલા ટ્રાફિક પોલ અને નુકસાન કરનાર વાહનચાલકો સામે પોલીસે કડક કાર્યવાહી કરવાની તાતી જરૂર ઊભી થઈ છે

### જેઇઇ–મેઇન ૨૦૨૪નું ફાઈનલ પરિણામ

# સતત ૫ માં વર્ષે એલન રાજકોટે સૌરાષ્ટ્રમાં તેનું નેતૃત્વ અને વર્ચસ્વ સ્થાપ્યુ

## એલન રાજકોટના ૨ ક્લાસરૂમ વિદ્યાર્થીઓ મીત પારેખ (AIR 28) અને હર્ષલ કાનાણી (AIR 44) એ ૧૦૦–૧૦૦ પર્સન્ટાઈલ મેળવીને સંયુક્ત રીતે ''ગુજરાત ટોપર્સ'' બન્યાઃ અન્ય વિદ્યાર્થી દ્વિજા પટેલએ AIR 58 મેળવીને ગર્લ કેટેગરીમાં સૌરાષ્ટ્ર ટોપર બની




(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ૨૫ એપ્રિલ ૨૦૨૪ના રોજ દેશની સૌથી મોટી એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા, JEE મેઇન ૨૦૨૪નું અંતિમ પરિણામ જાહેર કર્યું છે. એલન રાજકોટના વિદ્યાર્થીઓ છેલ્લા ૫ વર્ષથી સતત JEE મેઇનના પરિણામોમાં ટોપ પર્સન્ટાઇલ મેળવીને સૌરાષ્ટ્રના ટોપર્સ બન્યા છે અને આ વર્ષે તેઓ ગુજરાતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ઐતિહાસિક પરિણામો આપીને તેમની ગૌરવપૂર્ણ પરંપરા ચાલુ રાખી છે.

એલન રાજકોટ સેન્ટર હેડ અમૃતાશ મુખર્જીએ જણાવ્યું હતું કે એલન રાજકોટના ક્લાસરૂમ વિદ્યાર્થી મીત પારેખ એ AIR 28 અને હર્ષલ કાનાણીએ AIR 44 સ્કોર પ્રાપ્ત કર્યો તેમજ બંનેએ ૧૦૦-૧૦૦ પર્સન્ટાઈલ સ્કોર પ્રાપ્ત કરીને સંયુક્ત રીતે ''ગુજરાત ટોપર્સ'' બન્યા છે.

**ડાઉટ ક્લિયરન્સ, ટેસ્ટ પછી નિયમિત વિશ્લેશણ અને ફેકલ્ટીના માર્ગદર્શને મને હંમેશા આગળ રાખ્યો છેઃ હર્ષલ કાનાણી**

સંસ્થા: એલન રાજકોટ

JEE મુખ્ય ૨૦૨૪ રેન્ક: Gujarat Topper - ઓલ ઈન્ડિયા રેન્ક ૪૪ (એકંદરે ૧૦૦ ટકા)

પિતાનું નામ: ભરત કાનાણી

પિતાનો વ્યવસાય: ધંધો

માતાનું નામ: શ્રીમતી ધર્મીસ્ટા કાનાણી

માતાનો વ્યવસાય: ગૃહિણી

જન્મ તારીખ: ૨૧/૦૮/૨૦૦૬

હર્ષલ કાનાણીએ જણાવ્યું હતું કે JEE(અમદ)માં સારા રેન્ક સાથે તેની પસંદગી બદલ તે ખુશ છે અને તે ભગવાન, માતા-પિતા અને તેના એલન ફેકલ્ટીઓનો ખૂબ આભારી છે કે જેમણે તેની ૫ વર્ષની સફરમાં તેનું માર્ગદર્શન કર્યું છે.

તેણે એ પણ ઉમેર્યું કે તેણે તમામ એલન સામગ્રીનો અભ્યાસ કર્યો. ઉપરાંત તેણે નિયમિત ધોરણે આખા અભ્યાસક્રમમાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું, શંકા કાઉન્ટરોમાં હાજરી આપી અને એલન રાજકોટ દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષાઓનો પ્રયાસ કર્યો અને તેણે તેને ટ્રેક પર રાખ્યો. પરીક્ષણ પછી માર્ગદર્શક દ્વારા માર્ગદર્શન અને નિયમિત વિશ્લેષણ, જેણે અમારી છેલ્લી ઘડીની વ્યૂહરચના તેમજ સમય વ્યવસ્થાપન તૈયાર કરવામાં અવિશ્વસનીય રીતે મદદ કરી, આમ JEE (Main) ની અંતિમ પરીક્ષાઓ દરમિયાન તેનો ફાયદો થયો. હર્ષલ ખૂબ ઉત્સાહી છે અને JEE એડવાન્સ્ડ ૨૦૨૪ ની પરીક્ષા પાસ કર્યા પછી એરોસ્પેસ એન્જિનિયરિંગમાં આગળ વધવા માટે ટોચની IIT કોલેજમાં જોડાવા માટે ઉત્સુક છે.

**JEE મેઈનની પરીક્ષાને આત્મવિશ્વાસ સાથે સારી રીતે સમજવી, સમયનું સંચાલન કરવું, વધુ મોક ટેસ્ટની પ્રેક્ટિસ કરવી એ સફળતાનું મુખ્ય પરિબળ : મિત પારેખ**

JEE મુખ્ય ૨૦૨૪ રેન્ક: Gujarat Topper - ઓલ ઈન્ડિયા રેન્ક ૨૮ (૧૦૦ પર્સેન્ટાઈલ)

સંસ્થા: એલન રાજકોટ

પિતા: પારેખ વિક્રમભાઈ

વ્યવસાય: માર્કેટિંગ મેનેજર (પ્રાઈવેટ કંપની)

માતા: પારેખ જ્યોતિબેન

જન્મ તારીખ: ૨૭/૦૧/૨૦૦૫

હું છેલ્લા ૨ વર્ષથી ALLEN Career Institute રાજકોટમાં વર્ગખંડનો વિદ્યાર્થી છું અને હું રાજકોટ શહેરનો રહેવાસી છું. મારા પિતા પારેખ વિક્રમભાઈ એક પ્રતિષ્ઠિત પ્રાઈવેટ કંપનીમાં માર્કેટિંગ મેનેજર છે અને માતા શ્રીમતી પારેખ જ્યોતિબેન ગૃહિણી છે. હું માનું છું કે નિયમિત શિસ્તબદ્ધ અભ્યાસ અને પુનરાવર્તને મને JEE મેઇન ૨૦૨૪ માં સારો સ્કોર કરવામાં મદદ કરી. તેથી, મેં મારા માટે તમામ વિષયો માટે સમાન વિતરણ સાથે યોગ્ય સમયપત્રક તૈયાર કર્યું. એલન રાજકોટના સદાબહાર ડાઉટ કાઉન્ટર્સ અને ફેકલ્ટીઓના સંપૂર્ણ સમર્થને મને ટ્રેક પર રાખ્યો છે. એલન રાજકોટ સેન્ટર દ્વારા લેવામાં આવતી કોમ્પ્યુટર આધારિત મોક ટેસ્ટમાં પણ હાજર રહેવાથી મને પરીક્ષાની વાસ્તવિક પરિસ્થિતિ અનુભવવાની તક મળી છે. હાલમાં હું JEE એડવાન્સ્ડ ૨૦૨૪ પરીક્ષાની પણ તૈયારી કરી રહ્યો છું અને આ પરીક્ષામાં પણ ટોપ રેન્ક મેળવવાની રાહ જોઈ રહ્યો છું.

આ સાથે અન્ય વિદ્યાર્થી દ્વિજા પટેલે AIR 58 મેળવીને ગર્લ કેટેગરીમાં સૌરાષ્ટ્ર ટોપરનું બિરુદ મેળવ્યું જે સમગ્ર સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ છે.

વધુમાં તેમણે એમ પણ જણાવ્યું હતું કે ALLEN રાજકોટના ટોપ ૫૦૦ અઈછ માં ૬ વિદ્યાર્થીઓ, ટોપ ૧૦૦૦ AIR માં ૧૧, ટોપ ૨૦૦૦ AIR માં ૧૫, ટોપ ૫૦૦૦ AIR માં ૨૩ અને ટોપ ૧૦,૦૦૦ AIR માં ૩૧ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું જયારે ૧૦૨ વિદ્યાર્થીઓએ JEE એડવાન્સ્ડ ૨૦૨૪ માં બેસવાનું પસંદ કર્યું છે. એલન રાજકોટના વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલા આ પરિણામો સૌરાષ્ટ્રના ઈતિહાસમાં સૌથી વધુ છે અને તેથી સમગ્ર રાજકોટ અને સૌરાષ્ટ્ર માટે આ અત્યંત ગર્વની વાત છે.

આ ઉપરાંત ૯ વિદ્યાર્થીઓએ પણ એક અથવા વધુ વિષયોમાં ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે.

# ઓમનગરમાં મહિલાનો ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ

## પખવાડિયા પૂર્વે છૂટાછેડા થયા બાદ મહિલા પૂર્વ પતિ સાથે રહેવા આવીઃ ઝઘડો થતા પગલું ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર ઓમનગરમાં રહેતા દંપતિ વચ્ચે ઝઘઢો થતાં પત્નીએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં તેણીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટે ખસેડવામાં આવી હતી. આ અંગે યુનિવર્સિટી પોલીસે નિવેદન નોંધવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ ઓમનગરમાં રહેતા દિવ્યાબેન વિરજીભાઈ રાખસીયા (ઉ.૨૬) એ રાત્રીનાં ૧૨ વાગ્યે અવધના ઢાળ પાસે વીરસાવરકર કવાર્ટરમાં તેમના સસરાના ઘરે ફીનાઈલ પી લેતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. દિવ્યાબેને જણાવ્યું હતું કે, તેમના પતિ મિલન ઝાલા સાથે ૧૫ દિવસ પહેલા છુટાછેડા થઈ ગયા હતાં. ત્યારબાદ સમાધાન થતાં બન્ને અવધના ઢાળીયા પાસે વિરસાવરકર આવાસ કક્વાર્ટરમાં રહેવા જતાં રહ્યા હતાં ત્યાં બન્ને વચ્ચે ગઈકાલે જમવા મામલે બોલાચાલી થતાં તેણીએ આ પગલું ભરી લીધું હતું. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસના સ્ટાફે યુવતીનું નિવેદન નોંધવા તજવીજ શરૂ કરી છે.

# રાજકોટ રેલવે ડિવિઝનની શાનદાર ઉપલબ્ધિઃ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ માં રૂ. ૨૨૭૬ કરોડની આવક, નૂર પરિવહનમાંથી સૌથી વધુ આવક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેનું રાજકોટ ડિવિઝન ભારતીય રેલવે માટે કમાણીની દ્રષ્ટિએ સતત ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે. રાજકોટ ડીવીઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વનીકુમારે જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વખતે પણ ડીવીઝન દ્વારા નૂર પરિવહનમાંથી સૌથી વધુ આવક મેળવીને નવો રેકોર્ડ સ્થાપ્યો છે અને સર્વાંગી વિકાસની દિશામાં ઝંડો લહેરાવ્યો છે.

રાજકોટ ડિવિઝને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે અને ૨૨૭૬.૪૪ કરોડ રૂપિયાની નોંધપાત્ર વાર્ષિક આવક મેળવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ૨૦૪૫.૬૦ કરોડની વાર્ષિક આવક કરતાં ૧૧.૨૮% એટ્લે કે ૨૩૦ કરોડ રૂ વધુ છે. આ ૨૨૭૬.૪૪ કરોડની આ આવકમાંથી મહત્તમ રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક નૂર ભાડા થી, રૂ. ૩૭૪.૧૨ કરોડ પેસેંજર આવક થી અને રૂ. ૩૧.૨૦ કરોડની આવક પાર્સલ સહિત અન્ય સ્ત્રોતોમાંથી પ્રાપ્ત થઈ છે.

રાજકોટ ડિવિઝને ૨૦૨૩-૨૪માં નૂર પરિવહનમાંથી રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક હાંસલ કરી છે જે ગયા વર્ષે ની રૂ. ૧૬૯૦.૩૦ કરોડની સરખામણીએ ૧૦.૭૦% એટલે કે રૂ. ૧૮૦.૮૨ કરોડ વધુ છે. પેસેંજર આવક માં થી ૨૦૨૩-૨૪માં રૂ. ૩૭૪.૧૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગયા વર્ષ ની રૂ. ૩૨૧.૯૯ કરોડની સરખામણીએ ૧૬.૨૦% એટલે કે રૂ. ૫૨.૧૩ કરોડ વધુ છે. આ વર્ષે રાજકોટ ડિવિઝનમાંથી ૧.૦૫ કરોડ લોકોએ મુસાફરી કરી છે.રાજકોટ ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાની મહેનત અને નિષ્ઠા થી કામ કરીને ડિવિઝનને દરેક ક્ષેત્રે નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને નોંધપાત્ર આવક મેળવીને ભારતીય રેલવેના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

# મોરબી રોડ પર ચંદ્ર પાર્કમાં મહિલાનો ઝેરી દવા પી આપઘાત

## પી ડી એમ ફાટક પાસે અજાણ્યા પ્રોઢે ટ્રેન હેઠળ પડતું મૂકી આપઘાત કરી લેતા અરેરાટી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે મોરબી રોડ પર ચંદ્ર પાર્ક માં મહિલાએ ઝેરી દવા પી લેતા અને ગોંડલ રોડ પર આવેલા પી ડી એમ ફાટક પાસે પ્રોટે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લીધો હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

પ્રથમ બનાવમાં મોરબી રોડ પર આવેલી ડીંકિ સ્કૂલ વાળી શેરીમાં ચંદ્ર પાર્ક શેરી નંબર ત્રણમાં રહેતી મનિષાબેન જગદીશભાઈ સંખારવા નામની મહિલાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેણીને બેભાન હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી સારવાર દરમિયાન મહિલાનું હોસ્પિટલના બિછાને મોત નીપજતા બી ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી હતી બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ એચ. એમ કોઠીવાડ સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી જાય પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

જ્યારે બીજા બનાવમાં ગોંડલ રોડ પર આવેલા પીડીએમ ફાટક પાસે કોઈ અજાણ્યા ૫૦ વર્ષ ના વ્યક્તિએ ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લીધો હોવાનું ભક્તિનગર રેલ્વે સ્ટેશન માસ્તર એ માલવયા નગર પોલીસમાં જાણ કરતાં હેડ કોન્સ્ટેબલ એવી ચાવડાએ પ્રાથમિક તપાસ હાથ ધરી મૃતક ના વાલીવારસની શોધખોળ શરૂ કરી છે.

# સરગમ કલબ અને મંજુલાબેન ઠકરાર દ્વારા દિવ્યાંગો માટે ત્રિ–દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર (લંડન)અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૫/૨૦૨૪ બુધવાર થી ૩/૦૫/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે.આ કેમ્પ તા.૧/૦૫/૨૦૨૪ થી ૩/૦૫/૨૦૨૪ સુધી મે માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૫/૨૪ બુધવાર ના રોજ સવારે ૮:૦૦ કલાકે ખાસ સરગમભવન,જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૫/૨૦૨૪ ના રોજ સવારે ૮.૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર, જયુભાઈ ઠકરાર અને શિલ્પાબેન ઠકરાર (લંડન) પરિવારનો સહયોગ મળેલ છે. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર (લંડન) તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

# પરિવાર સાથે પિતરાઈભાઈના લગ્નમાં ગયેલા તબિબના ઘરમાં તસ્કરો ત્રાટકયા

## ભારતીનગર સોસાયટીમાં મહિલાના બંધ મકાનમાંથી રૂા.૭૫ હજારની મતાની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**


રાજકોટમાં વૈશાલીનગરમાં તસ્કરો ડોક્ટરના ઘરે ત્રાટક્યા હતા અને જ્યારે થોરાળાના ભારતનગરમાં તસ્કરોએ મજૂરનાં ઘરમાં ત્રાટકી હાથફેરો કરતાં રૂ.૭૫ હજારના ઘરેણાં હાથે લાગયા હતા.

આ અંગેની માહિતી મુજબ બનાવની વિગતો મુજબ વૈશાલીનગર શેરી નં ૦૫માં રહેતા અને ઘરની બાજુમાં જ કિલનિક ધરાવતા નિરવભાઈ નિતિનભાઈ લખતરીયા નામના તબીબે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ તા.૨૦/૦૪ના સુરેન્દ્રનગર પરિવાર સાથે તેમના પિતરાઈ ભાઈના લગ્નમાં ગયા હતા ત્યારે તેમના બંધ મકાનનો મેઇન દરવાજો કુદી, મકાનની બારી તોડી, ઘરની અંદર અજાણ્યા તસ્કરો ઘૂસી ગયા હતા. અને તસ્કરોએ ઘરમા રાખેલ સર-સામાન અસ્ત- વ્યસ્ત કર્યો હતો અને કબાટ ફંફોળ્યો હતો પરંતુ તબીબના ઘરમાંથી ફદિયું પણ મળ્યું ન લાગ્યું હતું. જ્યારે આ મામલે ગાંધીગ્રામ પોલીસે ચોરીના પ્રયાસનો ગુનો નોંધી તપાસ ડ્જાંઈ એસ.બી.જાડેજાને સોંપી છે. જ્યારે બીજા બનાવમાં થોરાળા પોલીસ વિસ્તારમાં આવેલા ભારતનગર સોસાયટી રહેતા અને મજૂરી કામ કરતાં હીનાબેન ઉત્તમભાઈ પટેલના ઘરે તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં મહિલા કામ સબબ બહાર ગયા હતા ત્યારે મકાનના દરવાજાનુ તાળુ તોડી કોઈ અજાણ્યા તસ્કરો ઘરમાં ઘૂસી મકાનમાં ગેર-કાયદેસર પ્રવેશ કરી ઘરમાં રાખેલ કબાટના તાળા તોડી કબાટમાં રાખેલ રોકડા રૂપિયા ૬૦,૦૦૦ તથા ચાંદીના સાકળાની જોડ જેની કિ.રૂ. ૫૦૦૦ તથા એકમોબાઇલ જેની કિ.રૂ. ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૭૫,૦૦૦ના સામાન પર હાથફેરો કરી નાશી ગયા હતા. જ્યારે આ મામલે થોરાળા પોલીસ ગુનો નોંધી આગળની તપાસ PSI જે.એમ.પરમારને સોંપી હતી.

# જામનગરના ગોકુલનગર વિસ્તારમાં રહેતી મહિલાનો અગમ્ય કારણસર આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગોકુલનગરમાં મહિલાએ મોત વ્હાલુ કરી લેતા પરિજનોમાં અરેરાટી મચી છે. પરણીતાએ માત્ર આઠ માસના લગ્નગાળા દરમિયાન ગળાફાંસા દ્વારા રહસ્યમય સંજોગોમાં આપઘાત કરી લેતા પોલીસ દોડતી થઈ છે. હાલ આ મામલે પોલીસે મોતની નોંધ કરી ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે અને આપઘાતનું કારણ જાણવા ચક્રો ગતિમાન કર્યા છે.અકાળે મોતના કિસ્સાની સીટી સી ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલી વિગત એવી છે કે જામનગરના ગોકુલ નગર વિસ્તારમાં શેરી નંબર -૧૨ માં રહેતી



દયાબેન સંજયભાઈ ચૌહાણ નામની ૨૦ વર્ષની પરિણીતાએ ગઈકાલે ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. પરિણીતાએ પોતાના ઘેર લોખંડના પાઇપમાં દુપટ્ટો બાંધી ગળે ફાંસા ખાઈ આપઘાત નો પ્રયાસ કરી લેતા તાત્કાલિક ૧૦૮ નો સંપર્ક કરાયો હતો જેને લઈને ૧૦૮ આપે તેમનું મોત થયું અને જાહેર કર્યું હતું.

આ મામલે મૃતક મહિલાના સંબંધી રમેશભાઈ મનજીભાઈ ચૌહાણએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝન પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.વી.દવે ઘટના સ્થળે દોડી ગયા હતા, અને વૃદ્ધ ના મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક યુવતીના માત્ર આઠ માસ પહેલા જ લગ્ન થયા હતા, અને પોતાના ઘેર રહસ્યમય સંજોગોમાં આપઘાત કરી લીધો હોવાથી પોલીસ દ્વારા મૃતકના પરિવારજનોના નિવેદનો નોંધવાનું શરૂ કર્યું છે.

# ગોંડલની નંદનવન સોસાયટીના વૃધ્ધનો ઝેરી દવા પી આપઘાત

## કમર કોટડા ગામે શ્રમિક મહિલાએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વૃદ્ધ તથા યુવતીએ જીવ ગુમાવ્યા છે. પ્રથમ ઘટનામાં ગોંડલની નંદનવન સોસાયટીમાં રહેતા અને નિવૃત જીવન વિતાવતા વિનોદરાય ચકુભાઈ પારખીયા ઉ.૬૪ સવારે નવ કલાકે કોઈ અગમ્ય કારણોસર નવા માર્કેટ યાર્ડ પાસે આવેલી રસીકભાઈ માંડણકાની વાડીમાં ઝેરી દવા પી જતા તેનું મોત નિપજ્યું હતુ. બનાવ અંગે વાડી માલિકને જાણ થતા તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા. મૃતક વિનોદભાઈ તલાટી મંત્રીની ફરજ પુરી કરી નિવૃત જીવન જીવતા હતા. સંતાનમાં બે દીકરાઓ હોવાનું જાણવાં મળેલ હતુ. બનાવ અંગે સીટી પોલીસે તપાસ હાથ ધરી છે.

જયારે અન્ય એક બનાવમાં તાલુકાનાં કમરકોટડા પ્રકાશભાઈ કાવઠીયાની વાડીમાં રહી ખેતમજુરી કરતી મુળ દાહોદની આદીવાસી ઉર્મીલા ફતેહસિંહ ભુરીયા ઉ.૧૮ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં ગોંડલ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતુ. ઉર્મીલા તેનાં બેન બનેવી સાથે વાડીએ રહી ખેતીકામ કરતી હતી.બનાવ અંગે સુલતાનપુર પોલીસ મથકનાં મયુરભાઈ સોલંકીએ તપાસ હાથ ધરી છે.

# રાજનગર સોસાયટીમાં લંપટ બનેવીએ સગીર સાળી પાસે બિભત્સ માંગણી કરી


**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના પીડી માલવિયા કોલેજ પાસે અંબાજી કડવા પ્લોટ માં રહેતા બનેવીએ રાજનગરમાં સગીરવની સાળી પાસે બિભત્સ માગણી કરી સગીરા વસ નહીં થતાં બદનામ કરવા ફોનમાં મેસેજ કરતા મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની મહિલા પોલીસ માંથી મળતી માહિતી મુજબ શહેરના રાજનગર વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય શાળાએ પીડી માલવિયા કોલેજ પાછળ આવેલ અંબાજી કડવા પ્લોટ મા રહેતો બનેવી મનોજ રમેશ જરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે આ સક્સ તેના ઘરે અવારનેવાર આવતો હોય તેનો બનેવી હોય જેનો લાભ લઇ બાર વર્ષની સગીર સાળી પર નજર બગાડી બિભત્સ માંગણીઓ કરી સગીરા તેને ના કહેતા બદનામ કરવાના ઇરાદે ફોનમાં મેસેજ અને વાતચીત કરી કૃત્ય કરતા મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પી.એસ.આઇ.એફ.બી ગગન્યા એ ગુનો નોધી પ્રાથમિક તપાસ હાથ ધરી ધડ પકડ કરવા તજવીજ શરૂ કરી છે.

# પોલીસના મારથી વધુ એક યુવાનનું મોત નિપજતા ચકચાર

## આંબેડકરનગરના અનુ. જાતિ યુવાનના મોત બાદ રિમાન્ડ પર રહેલા વધુ એક યુવાને દમ તોડી દેતા પોલીસ બેડામાં ખળભળાટઃ તપાસ હાથ ધરાઈઃ ફોરેન્સીક પીએમ કરાવવા તજવીજઃ લાશ સ્વીકારવાનો પરિવારજનોનો ઈન્કાર




(તસ્વીરઃ આનંદ જાવિયા)


**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના આંબેડકરનગરમાં પિતા-પૂત્રના ઝઘડામાં નિર્દોષ યુવકને પોલીસે માર મારતા મોત થતા હત્યાના બનાવમાં રિમાન્ડ પર રહેલા એએસઆઈએ અન્ય એક યુવકને પણ માર માર્યો હોય તેનું બેભાન હાલતમાં મોત થયાનો પરિવારે આક્ષેપ કરી મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કરતા મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે ફોરેન્સિક પીએમ કરાવ્યું છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના ગોંડલ રોડ ઉપર આંબેડકરનગરમાં ઝઘડો કરતા રાજુભાઈ ભલાભાઈ સોલંકી અને તેના પૂત્ર જયેશના સમાધાનમાં ગયેલા હમીરભાઈ રાઠોડને માલવિયાનગર પોલીસના એએસઆઈ અશ્વિન કાનગડએ પોલીસ સ્ટેશને લઈ જઈ માર મારતા મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો આ બનાવમાં એએસઆઈ રિમાન્ડ પર છે તો બીજી તરફ રાજુભાઈ સોલંકી ઘરે બેભાન થઇ જતા સિવિલ હોસ્પીટલે ખસેડાયા હતા પરંતુ અહીં ત્યારે અમે સિવિલ હોસ્પીટલે આવ્યા હતા પરંતુ અમને પ્રાથમિક સારવાર



આપી હતી અને દાખલ કર્યા ન હતા બાદમાં મારા પિતાની સ્થાનિક ક્લિનિકમાં સારવાર ચાલતી હતી તે ડરી ગયા હોવાથી ઘરની બહાર પણ નીકળતા ન હતા પોલીસના મારથી જ મોત થયાનો આક્ષેપ કરી મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો એસીપી બી જે ચૌધરીએ જણાવ્યું હતું કે હજુ સુધી કોઈ ઓફીશીયલ વિગતો આવી નથી બનાવ બન્યો ત્યારે ૩૦૭ હેઠળ ગુનો નોંધાયો તેમાં પણ રાજુ સોલંકીને મારકૂટ કર્યાનો કોઈ ઉલ્લેખનથી છતાં મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે ફોરેન્સિક પીએમ કરાવવા તજવીજ હાથ ધરી છે.

ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા મૃતકના પૂત્ર જયેશએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે એએસઆઈએ તેના પિતાને અને મને બંનેને મારકૂટ કરી હતી. મૃતકના સંબંધીએ રોષપૂર્ણ જણાવ્યું હતું કે પોલીસના મારથી મૃત્યુ પામેલા બંને મૃતકના પરિવારને ૨૫-૨૫ લાખની સહાય કરવામાં આવે તેમજ આ કેસ અન્ય આઈપીએસને સોપવામાં આવે અનેછ માસમાં કેસની ટ્રાયલ પૂરી કરવામાં આવે તેવી માંગ ઉચ્ચારી છે.

# ખોખડદડ પાસે ચેક ડેમમાં ન્હાવા પડેલા બે સગીર ડુબી જતા મોત

## સહજાનંદ સોસાયટીમાં રહેતા બંને તરૂણ ઘરેથી હેર કટીંગની દુકાને જવાનું કહી નિકળ્યા'તાઃ પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા પારડી ગામે સહજાનંદ સોસાયટીમાં રહેતા બે સગીર મિત્રો ઘરે હેર કટિંગની દુકાને જવાનું કહીને નીકળ્યા બાદ ખોખડદડ પાસે આવેલા ચેક ડેમમાં ન્હાવા પડયા હતા જ્યાં બંને સગીર મિત્રોના ડૂબી જવાથી મોત નીપજ્યા હતા. બંને સગીરના મોતથી બંને પરિવારમાં કરુણ કલ્પાંત સર્જાયો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના પારડી ગામે આવેલી સહજાનંદ સોસાયટીમાં રહેતા આર્યન ભરતભાઈ રાઠોડ (ઉ.વ.૧૭) અને નયન




અજયભાઈ વેગડા (ઉ.વ.૧૭) બંને ખોખરદડ પાસે ચેકડેમમાં ન્હાવા પડ્યા હતા. ચેકડેમમાં ન્હાવા પડેલા બંને સગીર મિત્રો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાને પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આ ઘટના અંગે જાણ થતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ અને ફાયર બ્રિગેડનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર બ્રિગેડના સ્ટાફે બંને સગીરને બચાવી લેવા ભારે જહેમત ઉઠાવી હતી પરંતુ સદનસીબે બંને સગીરના મૃતદેહ હાથ લાગ્યા હતા. ચેકડેમમાં ન્હાવા પડેલા બંને સગીરના મોતથી પરિવારમાં આરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પોલીસે ઘટના સ્થળે જરૂરી કાર્યવાહી કરી બંને સગીના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયા હતા. પ્રાથમિક પૂછપરછમાં મૃતક આર્યન રાઠોડ બે ભાઈ એક બહેનમાં મોટો હતો અને

મૃતક નયન વેગડા એકની એક બહેનનો એકનો એક ભાઈ હતો. બંને સગીર હેર કટીંગની દુકાને જવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ ખોખરદડ પાસે આવેલા ચેક ડેમમાં ન્હાવા પડતા ડૂબી જવાથી મોત નિપજયા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સગીરા પર દુષ્કર્મ આચરી કુંવારી માતા બનાવનાર આરોપીના જામીન નામંજૂર

## થોરાળા વિસ્તારનો બનાવઃ સરકાર તરફે વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સગીરા પર દુષ્કર્મ આચરી કુવારી માતા બનાવવાના ગુનામા આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી કોર્ટે નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ થોરાળા પોલીસ વિસ્તારમાં રહેતી ૧ સગીરા ઉપર દુષ્કર્મ આચરી ગર્ભવતી ૧ બનાવી હોવાની ભોગ બનનારના - વારસદારોએ બે આરોપી વિરુદ્ધ થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ ૧ નોંધાવી હતી. જે ગુનામા પોલીસે - આરોપીઓની ધરપકડ કરી જેલ - હવાલે કર્યો હતો. જેલ હવાલે રહેલા - આરોપી ઈરફાન હુસેનભાઈ આમરોણીયા



(રહે. ગજીવાડા, રાજકોટ) જામીન ઉપર છુટવા પોકસો અદાલતમા જામીન અરજી કરી હતી. જે અરજી ચાલવા ઉપર આવતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહી આરોપીની જામીન અરજીનો વિરોધ કરતા રજુઆત કરી હતી કે આરોપીઓ સામે સમાજ વિરોધી ગભીર ગુનાનો આરોપ છે અને આરોપીઓ સગીરા ઉપર દુષ્કર્મ આચરી ગર્ભ રાખી દીધેલ છે. અને સગીરાને હાલ બાળકનો પણ જન્મ થયેલ છે. તેથી સગીરાને કુવારી માતા બનાવી દીધેલ છે આવા સમાજ વિરોધી અને ગભીર ગુનામા આરોપીને જામીન આપવા જોઈએ નહી. તેવી રજુઆતને ધ્યાને લઈ સેશન્સ જજ સુથારે આરોપીની જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.

# ચૂંટણી પૂર્વ ગુજરાતભરમાં દારૂ અછત વચ્ચે કેશોદમાં ૨૮૮ બોટલ દારૂ ઝડપાયો

## સ્થાનિક પોલીસે બે બુટલેગરોની ધરપકડ કરી રૂા.૧.૨૭ લાખનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેશોદ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. એસ. કે. મહેતા અને એ.એસ.આઈ વી. એમ. કોડિયાતરને ખાનગી રાહે માહિતી મળી હતી કે, કેશોદના અમૃતનગર વિસ્તારમાં જોલી પાર્ક સોસાયટી પાસે આવેલ શિવશક્તિ સોસાયટીમાં રહેતા મેરગ દેવશીભાઈ કડછા પોતાના કબજા ભોગવટાના મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી વેચાણ કરી આર્થિક લાભ મેળવી રહ્યાં છે. માહિતીની ચોકસાઈ કરી પંચોને બોલાવી બાતમીના સ્થળે કેશોદ પોલીસ સ્ટેશનના પી.આઈ અનિરુદ્ધસિંહ ગોહિલ, પી.એસ. આઈ. એસ.કે.




મહેતા, એ.એસ.આઈ વી.એમ. કોડિયાતર, પોલીસ હેડ કોન્સ્ટેબલ રણજીત ડાંગર, કરણ ભાટિયા, રવિ જગદીશભાઈ ધોળકિયા, પ્રતાપસિંહ હરસુરભાઈ પોલીસ સ્ટાફ સાથે બાતમીના સ્થળે પહોંચી દરવાજો ખુલ્લો હોય અંદર પ્રવેશી એક શખ્સ હાજર હોય જેની પુછપરછ કરતાં મેરગ દેવશીભાઈ કડછા ઉ.વ.૪૨ રહે.કેશોદ હોવાનું જણાવ્યું હતું. મકાનની તપાસ કરતાં બાથરૂમમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ જુદી જુદી બ્રાન્ડની નાની મોટી મળીને કુલ બોટલ નંગ ૨૮૮ કિંમત રૂપિયા ૧,૨૭,૨૩૦ એક મોબાઈલ મળીને કુલ રૂપિયા ૧,૩૦,૩૨૦ કબજે કરી કાયદેસર અટક કરી હતી. ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો કેતન રબારી (રહે. ગાંધીગ્રામ જુનાગઢ) પાસેથી મંગાવી એકબીજાને મદદગારી કરી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતાં મેરગ દેવશીભાઈ કડછા અને કેતનરબારી (રહે.ગાંધીગ્રામ જુનાગઢ)ને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લોધીકાના ખાંભા ગામે યુવાનની હત્યાનો ભેદ ગણતરીની કલાકોમાં ઉકેલાયો

## નોનવેજની પાર્ટીમાં ડખ્ખો થતાં શખ્સે પરપ્રાંતિય યુવાનને પતાવી દીધો હતોઃ રૂરલ એલસીબીએ હત્યારાની કરી ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકાના ખાંભા ગામે હત્યા કરાયેલી લાશ મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી હતી દરમિયાન જયાંથી લાશ મળી તે નજીકની વાડી વાવવા રાખનાર એમપીના શખસને સકંજામાં લઈ આકરી પુછતાછ કરતા પોતે મૃતક યુપીના શખસને શાપર દારૂ લેતી વેળાએ મળ્યા બાદ બંનેએ ખાંભા વાડીએ દારૂ-નોનવેજની મહેફિલ માણવા બેઠા ત્યારે ભોગ બનનારે ગાળો ભાંડતા પોતે છરી ઝીંકી હત્યા કરી લાશ વાડીથી દુર ફેકી દીધાની કબૂલાત આપતા પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.




લોધીકાના ખાંભા ગામે અજાણ્યા યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવતા ગુનો નોંધી મૃતકની ઓળખ મેળવવા તથા હત્યારા સુધી પહોચવા એસપી જયપાલસિહ રાઠોડની રાહબરીમાં આઈપીએસ આયુષ જૈન, એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, એસઓજી સહિતની ટીમોએ તપાસ હાથ ધરી હતી દરમિયાન જ્યાંથી લાશ મળી ત્યાં નજીકની વાડી વાવવા રાખતા મજુરને શંકાને આધારે સકંજામાં લઈ આકરી પુછતાછ કરતા ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો હતો પ્રાથમિક તપાસમાં હત્યાનો ભોગ બનનાર મૂળ યુપીનો અને હાલ શાપરમાં રહી મજુરી કરતો અરૂણકુમાર દ્વારિકાપ્રસાદ હોવાનું જાણવા મળ્યું હતું તે સોમવારે શાપરમાં દારૂ લેવા ગયો ત્યારે મૂળ એપીના ગેંડાલાલ ઈન્દરસિંગ દાવર નામના શખસ સાથે પરિચય થયો હતો વાતચીત બાદ ગેંડાએ ખાંભામાં વાડી વાવવારાખી હોય ત્યાં દારૂ અને નોનવેજની મહેફિલનું નક્કી કર્યું હતું ત્યાં મહેફિલ વેળાએ અરૂણએ ગાળો દેતા ઉશ્કેરાયેલા ગેંડાએ છરીના ઘા ઝીકી મોતને ઘાટ ઉતારી વાડીથી થોડે દુર રોડ ઉપર લાશ ફેકી દીધાનું જણાવતા પોલીસે વિધિવત ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.


# સેલ્ફ ડ્રાઈવના બહાને રાજકોટ અને જામનગરના શખ્સે ૫૦ ગાડી બારોબાર વેચી નાંખી

## જાનકી વાટિકા સોસાયટી અને લક્ષ્મણ ટાઉનશીપમાં રહેતા બે યુવાનોએ ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી ભાડે ગાડીઓ મામૂલી રકમ લઈને આપી દેવાના બનાવો સામે આવતાં હતા.આ મામલે સતાવાર ફરિયાદ નોંધાઈ હતી. જેમાં અગાઉ બે ફરિયાદમાં કુલ ૨૭ ગાડી ભાડે લઈ પરત ન આપતા રાજકોટ તાલુકા પોલીસમાં આકાશ ઉર્ફે અકી ગોગનભાઈ પટેલ(રહે.કોઠારિયા રોડ રાજકોટ) અને બિલાલશા હશનશા શાહમદાર (રહે.જામનગર વાળા)ને ભાડે થી ગાડી આપી હતી. તેઓએ ગાડી પરત ન આપતા આ ક્રાઇમ બ્રાન્ચ તપાસ ચલાવી રહી છે. બંને આરોપીને પકડી લઈ તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

આ અંગેની માહિતી મુજબ રેલનગરમાં આવેલી જાનકી વાટિકા સોસાયટીમાં રહેતા પીન્ટુભાઈ રાજેશભાઈ ચાવડાએ ગઈકાલે બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ આજે ૮૦ ફૂટ રોડ લક્ષ્મણ


ટાઉનશિપમાં રહેતા ઋષિલભાઈ હર્ષદભાઈ ઉનડકટે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનું કામ કરે છે તેમજ સેલ્ફ ડ્રાઈવ માટે કાર ભાડે આપે છે. તેની ઓફીસ શીતલ પાર્ક પાસે આવેલી છે. બંને આરોપીઓએ

પોતાની સ્વીફ્ટ કાર તેમજ મિત્રો અમિત વાઘેલાની ક્રિયા સેલટોસ, થાર ગાડી તેમજ ચંદ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજાની ધાર ગાડી ભરતભાઈ પ્રભાતભાઈ ડાંગરની તેમજ તેમના ઓળખીતાઓની સ્વીફ્ટ કાર, વર્ના કાર બલેનો કાર સહિત રૂપિયા ૫૬ લાખની સાત ગાડી ભાડે લઈ ગયા બાદ પરત ન કરતા ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. બીજી ફરિયાદમાં આજી ડેમ પાસે સત્યમ પાર્કમાં રહેતા મનોજભાઈ શૈલેષભાઈ મુંધવા એ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ સેલ્ફ ડ્રાઇવ કારનો ધંધો કરી તેમજ ચાની હોટેલ ધરાવે છે.બંને આરોપીઓએ મનોજભાઈના ભાગીદાર વિજયસિંહ મોહનસિંહ વાઘેલા,ધવલ મુકેશભાઈ સરધારા, ભૌતિકભાઈ દિલીપભાઈ ટોળીયા, કિશનભાઈ બાળા,જય બોરીચા, ખોડુભાઈ વજુભાઈ માલાની કુલ રૂ.૧.૧૩ કરોડની ૧૩ કાર ભાડે લઈ જઈ પરત નહીં આપી છેતરપીંડી કરવાં આવી હતી.આ સાથે આરોપીઓ સામે કુલ ચાર ફરિયાદ નોંધવામાં આવતા હાલ ૫૦ જેટલી કારની છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

# નીલ સીટી સંજય વાટિકા સોસાયટીમાં થયેલી રૂપિયા ૧૩.૨૫ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો

## ડીસીપી ઝોન ૨ એલસીબીની ટીમે એમપી ની કુખ્યાત ભુતીયા ગેંગના સાગ્રિતને ઝડપી લીધોઃ બે વર્ષમાં સાત ઘર ફોડ ચોરી કરી હોવાની કબુલાતઃ મધ્યપ્રદેશના શખ્સોની શોધખોળઃ વીરપુરમાં વિદેશી દારૂનો વેપલો ચલાવતો બુટલેગર પાસામાં વડોદરા જેલમાં ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લામાં અનેક સ્થળોએ ઘરફોડ ચોરી ને અંજામ આપનાર મધ્યપ્રદેશની નામચીન ભુતિયા ગેંગ ના સાગરીત ને ડીસીપી ઝોન ટુ એલસીબી ટીમ એ ઝડપી લઇ જામનગર રોડ પર આવેલ નીલ સીટી સંજય વાટિકા સોસાયટીમાં થયેલી રૂપિયા ૧૩.૨૫ લાખની ચોરીનો ભેદ ઉકેલવી નાખ્યો છે.

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ડીસીપી ઝોન ટુ એલસીબી ટીમના પી.એસ.આઇ ઝાલા ની સૂચનાથી હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ તથા કોન્સ્ટેબલ જયપાલસિંહ સરવૈયા અને જયંતિ ગીરી ગોસ્વામી સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચોક્કસ બાદમી મળી હતી કે મધ્યપ્રદેશની નામચીન ભૂતિયા ગેંગ નો સાગરિત કાલાવડ રોડ પર આવેલ ક્ટારીયા ચોકડી પાસે લક્ષ્મીના





દોરા પાસે હોવાની હકીકતના આધારે પોલીસે મૂડ એમપી ના રાતમાલિયા ગામનો અને હાલ કાલાવડ તાલુકાના ખરાવડ વાળી વિસ્તારમાં રહેતો રામસિંગ ઉર્ફે રામુ કાલુસિંઘ અજનાર નામના શખ્સને દબોચી લઈ આખરી પૂછપરછ કરતા ઝડપાયેલા તસ્કર રામસિંગ ઉર્ફે રામુએ કબુલાત આપી હતી કે પોતે મધ્યપ્રદેશની કુખ્યાત ગેંગ ભૂતિયા નો સાગરીત હોવાનું અને અગાઉ એમપીના રાજુ કે કડિયા બઘેલ અને મહેન્દ્ર કુંવરસિંહ મેડા તથા મળ્યો લેપા મેડા સાથે મળી રાજકોટ શહેર અને ગ્રામ્યમાં અલગ અલગ વિસ્તારોમાંથી બંધ મકાનને નિશાન બનાવી કુલ ૭ થી વધુ ઘરોમાં લાખોની મત્તા ની ચોરી કરી હોવાની તથા જામનગર રોડ પર આવેલ નીલ સીટી સંજય વાટિકા સોસાયટી માં બંધ મકાનમાંથી રૂપિયા ૧૩.૨૫ લાખની મત્તા ની ચોરી કરી હોવાની કબૂલાત આપતા પોલીસે તેની ધરપકડ કરી રૂપિયા ૬૮,૭૦૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો.

જ્યારે અન્ય બનાવમાં રૂરલ એલસીબી ટીમના પીઆઇ વીવી વડોદરા વિરપુર પોલીસના પી.એસ.આઇ એસવી ગળચર સહિતના સ્ટાફે વીરપુરમાં વિદેશી દારૂનો વેપલો કરતો બુટલેગર રામજી ઉર્ફે રામકુ બાવનજી મકવાણા રહે વાળા ડુંગરા ગામ ની અટકાયત કરી તેના પાસા ના કાગળો તૈયાર કરી વળી કચેરીએ મોકલાવતા તેના પર એસપીએ મહોર લગાવી દેતા બુટલેગરને પાસામાં વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે